GJGS030000282023

| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૪/૦૧/૨૦૨૩ |
| નોંધ્યા તારીખ | ૨૪/૦૧/૨૦૨૩ |
| ફેસલ તારીખ | ૨૧/૦૮/૨૦૨૬ |
| સમયગાળો | દિવસ–મહીના–વર્ષ<br>૨૮ ૦૬ ૦૩ |

**ગીર સોમનાથ જીલ્લાના મ્હે. ત્રીજા એડીશ્નલ સેશન્સ જજશ્રીની કોર્ટ સમક્ષ**
**મુ. ઉના, જી. ગીર સોમનાથ.**

=====================================================

**–।। સેશન્સ કેસ નં.૦૪/૨૦૨૩ ।।–**

=====================================================

**આંક–**

## FORM–A

| | |
|---|---|
| **જજમેન્ટ તારીખ** | ૨૧/૦૮/૨૦૨૬ |
| **સેશન્સ કેસ નંબર** | ૦૪/૨૦૨૩ |
| **ગુનાની કલમ** | ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ |
| **ગુના રજી. નંબર** | ઉના પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબર ૧૧૧૮૬૦૦૮૨૨૦૨૧૬/૨૦૨૨ |
| **ફરીયાદી** | શ્રી સરકાર |
| **ફરીયાદ પક્ષે** | વિ.પ્રોસીકયુટર શ્રી એમ.કે.ગોહેલ |
| **આરોપીઓ** | (૧) ભુપતભાઇ ઉર્ફે ભુટ્ટો કાનાભાઇ વાજા, ઉં.વ.પર, ધંધો : મજુરી,<br>(૨) સોનલબેન ઉર્ફે સોનુ વા/ઓ ભુપતભાઇ ઉર્ફે ભુટ્ટો વાજા, ઉં.વ.૪૭, ધંધો : મજુરી,<br>બંને રહે.ઉના, રામનગર ખારા વિસ્તાર, તા.ઉના, જી.ગીર સોમનાથ |
| **બચાવપક્ષે** | લીગલ એઇડના વિ.વ.શ્રી પી.વી.સોલંકી |

## FORM–B

| | |
|---|---|
| **ગુનાની તારીખ** | ૨૦/૦૨/૨૦૨૨ |
| **એફ.આઇ.આર. ની તારીખ** | ૨૦/૦૨/૨૦૨૨ |

| | |
|---|---|
| **ચાર્જશીટની તારીખ** | ૧૩/૦૫/૨૦૨૨ |
| **તહોમતનામુ ઘડયાની તારીખ** | ૨૮/૦૬/૨૦૨૩ |
| **પુરાવો શરૂ કર્યા તારીખ** | ૧૧/૦૬/૨૦૨૪ |
| **ચુકાદા માટે રાખ્યાની તારીખ** | ૦૫/૦૮/૨૦૨૬ |
| **ચુકાદાની તારીખ** | ૨૧/૦૮/૨૦૨૬ |
| **સજાના હુકમની તારીખ, જો હોય તો.** | – |

## – આરોપીની વિગત –

| આરોપીનો અનુ.નં. | આરોપીનું નામ | ધરપકડ ની તારીખ | જામીન મુકિતની તારીખ | અધિનીયમ અને કલમ | શું નિર્દોષ છોડયા/ સજા કરી | કરવામાં આવેલ સજા | BNSS કલમ-૪૬૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ભુપતભાઇ ઉર્ફે ભુટ્ટો કાનાભાઇ વાજા | ૨૧/૦૨/ ૨૦૨૨ | યુ.ટી.પી. | ઇ.પી.કો. કલમ ૩૦૨, ૧૧૪ તથા જી.પી. એકટની કલમ ૧૩૫ | નિર્દોષ ઠરાવી છોડી મુકયા. | – | – |
| ૨. | સોનલબેન ઉર્ફે સોનુ વા/ઓ ભુપતભાઇ ઉર્ફે ભુટ્ટો વાજા | ૨૧/૦૨/ ૨૦૨૨ | ૨૧/૦૯/ ૨૦૨૨ | | નિર્દોષ ઠરાવી છોડી મુકયા. | – | – |

## FORM-C

## -ફરીયાદપક્ષ તરફેના સાહેદોની યાદી-

| સાહેદ નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| **મુખ્ય સાહેદ** | | | |
| ૧ | ૩૯ | શાકીરભાઇ હુસેનભાઇ કાળવેતરા | ફરીયાદી |
| **તબીબી સાહેદ** | | | |
| ૨ | ૪૧ | ડો.નારણભાઇ કરશનભાઇ જાદવ | તબીબી સાહેદ |
| **સ્વતંત્ર સાહેદો** | | | |
| ૩ | ૪૯ | મનીષભાઇ જયસુખભાઇ લુણાગરીયા | સાહેદ |
| ૪ | ૮૩ | મેહુલભાઇ નાગરભાઇ ચૌહાણ | સાહેદ |
| ૫ | ૮૫ | વિજયસિંહ દીલીપભાઇ બારડ | સાહેદ |
| ૬ | ૮૯ | અબ્બાસ ઓસમાણભાઇ કાળવેતરા | સાહેદ |
| ૭ | ૯૦ | મોહમદ યાસીન ઉર્ફે દરજી યુસુફભાઇ વાઢેર | સાહેદ |
| ૮ | ૯૧ | અસ્પાકભાઇ હુશેનભાઇ કાળવેતરા | સાહેદ |

| | | | |
|---|---|---|---|
| ૯ | ૯૨ | સોહીલભાઇ સલીમભાઇ કાળવેતરા | સાહેદ |
| ૧૦ | ૯૩ | સીદીકભાઇ ઓસ્માણભાઇ કાળવેતરા | સાહેદ |
| ૧૧ | ૯૪ | રસીદાબેન હુશેનભાઇ કાળવેતરા | સાહેદ |
| ૧૨ | ૧૦૩ | કિશનભાઇ ઉર્ફે અજયભાઇ દીનેશભાઇ પરમાર | સાહેદ |
| **પંચ સાહેદો** | | | |
| ૧૩ | ૨૨ | ઇસ્માઇલભાઇ ફરીદભાઇ કુરેશી | પંચ સાહેદ |
| ૧૪ | ૨૪ | રમેશભાઇ મોહનભાઇ કાકડીયા | પંચ સાહેદ |
| ૧૫ | ૩૧ | શહેજાદ મુખ્તારભાઇ બ્લોચ | પંચ સાહેદ |
| ૧૬ | ૫૩ | હર્ષદભાઇ છગનભાઇ બાંભણીયા | પંચ સાહેદ |
| ૧૭ | ૫૬ | સંજયભાઇ કરશનભાઇ મજેઠીયા | પંચ સાહેદ |
| ૧૮ | ૫૯ | મહંમદ અસ્લમ ઉર્ફે ગુલ્બા દાદાભાઇ આરબ | પંચ સાહેદ |
| ૧૯ | ૬૧ | નવાઝશા ગુલાબશા શામદાર | પંચ સાહેદ |
| ૨૦ | ૬૪ | સંદીપભાઇ મનસુખભાઇ ગૌસ્વામી | પંચ સાહેદ |
| ૨૧ | ૬૬ | નિલેશભાઇ શંકરભાઇ ત્રીવેદી | પંચ સાહેદ |
| ૨૨ | ૭૯ | સંજયભાઇ વિઠલભાઇ શીયાળ | પંચ સાહેદ |
| **પોલીસ સાહેદો** | | | |
| ૨૩ | ૯૭ | અશ્ચીનભાઇ વેલજીભાઇ સાંખટ | પોલીસ સાહેદ |
| ૨૫ | ૧૦૫ | કરશનભાઇ ભીમાભાઇ સોલંકી | પોલીસ સાહેદ |
| ૨૬ | ૧૧૦ | નટવરભાઇ માનાભાઇ આહીર | તપાસ અધિકારી |
| ૨૭ | ૧૧૩ | મુસ્તાકઅલી ઉસ્માનભાઇ મસી | તપાસ અધિકારી |

**બચાવ પક્ષ તરફે કે કોર્ટ દ્વારા કોઈ સાહેદો તપાસવામાં આવેલ નથી.**

**એ. ફરિયાદપક્ષ તરફેના દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટઃ–**

| અનુ.નં. | આંક/ સાહેદ નં. | વિગત |
|---|---|---|
| ૧ | ૨૩/૧ | ઇન્કવેસ્ટ પંચનામુ |
| ૨ | ૨૫/૨ | સ્થાનીક જગ્યાનું પંચનામુ |
| ૩ | ૨૬ થી ૩૦/૨ | પંચસ્લીપો |

| | | |
|---|---|---|
| ૪ | ૩૨/૩ | આરોપીઓનું અટક તથા મોબાઈલ કબજે કર્યાનું પંચનામુ |
| ૫ | ૩૩–૩૪/૩ | પંચસ્લીપો |
| ૬ | ૪૦/૪ | ફરીયાદ |
| ૭ | ૪૨/૫ | પી.એમ. કરવાની યાદી |
| ૮ | ૪૩/૫ | મરણોતર ફોર્મ |
| ૯ | ૪૪/૫ | પી.એમ. નોટ |
| ૧૦ | ૪૫/૫ | મરણજનારના લીધેલ નમુના પર મારેલ શીલની છાપનો પત્ર |
| ૧૧ | ૫૦/૬ | કલમ–૬૫(ખ)૪(સી) મુજબનું પ્રમાણપત્ર |
| ૧૨ | ૫૪/૭ | આરોપીઓના બ્લડ સેમ્પલ કબજે કર્યાનું પંચનામુ |
| ૧૩ | ૫૭/૮ | પેનડ્રાઇવ કબજે કર્યાનું પંચનામુ |
| ૧૪ | ૫૮/૮ | પંચસ્લીપ |
| ૧૫ | ૬૦/૯ | મરણજનારનું બ્લડ સેમ્પલ તથા કપડા કબજે કર્યાનું પંચનામુ |
| ૧૬ | ૬૭–૬૮/૧૨ | ડીસ્કવરી પંચનામાઓ |
| ૧૭ | ૬૯ થી ૭૮/૧૨ | પંચસ્લીપો |
| ૧૮ | ૮૪/૧૪ | ઈન્કવેસ્ટ પંચનામુ કરવાની લેખીત યાદી |
| ૧૯ | ૮૬/૧૫ | જાહેરનામા સાથે હાજર રહેવા અંગેનો પત્ર |
| ૨૦ | ૮૭/૧૫ | હથિયારબંધી જાહેરનામાની ખરીનકલ |
| ૨૧ | ૯૮/૨૩ | ડી.ઓ. |
| ૨૨ | ૯૯/૨૩ | તપાસ ડેપ્યુટનો હુકમ |
| ૨૩ | ૧૦૦/૨૩ | એફ.આઇ.આર. |
| ૨૪ | ૧૦૧/૨૩ | તપાસ ડેપ્યુટનો હુકમ |
| ૨૫ | ૧૦૨/૨૩ | સ્પેશ્યલ રીપોર્ટ |
| ૨૬ | ૧૧૧/૨૬ | સ્થળ પરીક્ષણ અહેવાલ |
| ૨૭ | ૧૧૪–૧૧૫/૨૭ | ઓનલાઇન તથા ઓફલાઇન રવાનગી નોંધ |
| ૨૮ | ૧૧૬/૨૭ | રવાનગી નોંધ |
| ૨૯ | ૧૧૭– | એફ.એસ.એલ. ને મુદામાલ મળ્યાની પહોચો |

| | | |
|---|---|---|
| | ૧૧૮/૨૭ | |
| ૩૦ | ૧૧૯/૨૭ | એફ.એસ.એલ. નો ફોરવર્ડીંગ લેટર તથા બાયોલોજી અને સીરોલોજી પરીક્ષણ અહેવાલ તથા પૃથ્થકરણ પરીણામ પત્રક |
| ૩૧ | ૧૨૦/૨૭ | એફ.એસ.એલ. નો ડી.વી.ડી. અંગેનો અભિપ્રાય |
| **નીચે મુજબના દસ્તાવેજો આરોપી પક્ષે કબુલ રાખેલ છે.** | | |
| ૧ | ૮૨ | બનાવવાળી જગ્યાના નકશાની નકલ |

**બી.** બચાવ પક્ષ તરફે કોઈ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ નથી.

**સી.** કોર્ટ તરફે કોઈ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ નથી.

=====================================================

**ગુન્હો :–** ભારતીય દંડ સંહિતાની કલમ–૩૦૨, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ

=====================================================

## <u>–: ચુ કા દો :–</u>

## (ક્રિમીનલ પ્રોસીજર કોડ–૧૯૭૩ ની કલમ–૨૩૫ ની સાથે વાંચતા કલમ–૩૫૩ વાંચતા)

૧. આરોપીઓ ઇ.પી.કો. કલમ–૩૦૨, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા અંગેની ઇન્સાફી કાર્યવાહીનો સામનો કરી રહેલા છે.

**૨. ફરિયાદપક્ષની ટુંકમાં હકીકતઃ–**

ફરિયાદી શાકીરભાઇ ઉર્ફે બાટલી હુશેનભાઇ કાળવેતરાએ તા.૨૦/૦૨/૨૦૨૨ ના રોજ ફરિયાદ આપેલી, જે ફરિયાદ મુજબ ફરીયાદીના પિતા મરણજનારને છેલ્લા બે વર્ષથી આરોપી નં.૨ સાથે પ્રેમસંબંધ હોય અને મરણજનાર તેણીને અવારનવાર ઘરે તેમજ બહાર મળવા જતા તે પ્રેમસંબંધની જાણ આરોપી નં.૧ કે જે આરોપી નં.૨ ના પતિ થાય છે તેઓને થતા તા.૨૦/૦૨/૨૦૨૨ ના કલાક

૦૫:૦૦ વાગ્યાની આસપાસ મરણજનારે આરોપી નં.૨ ને વહેલી સવારે ઉના રામનગર ખારા વિસ્તાર, આરીફભાઇ ભંગારવાળાના ડેલા સામે મળવા બોલાવતા, મરણજનાર મળવા જતા જેની જાણ આરોપી નં.૧ ને થતા તેઓ તેમના ઘરેથી કુહાડી લઇ આરીફભાઇ ભંગારવાળાના ડેલા પાસે મરણજનાર હોય ત્યાં જઇ કુહાડી વડે મરણજનારને માથાના ભાગે તથા કપાળના ભાગે ડાબા પગના નળાના ભાગે તથા શરીરે આડેધડ ઘા મારી જીવલેણ ગંભીર ઈજા કરી મોત નીપજાવી આરોપી નં.૧ ઘરે જતા રહેલ. બાદમાં બંને આરોપીઓ ઘરેથી પાછા આવી મરણજનારની મોપેડ મોટર સાયકલ ગાડી તથા મરણજનારને બંને જણાએ ઉપાડી બનાવની જગ્યાએથી થોડે દુર આશરે ૨૦૦ ફુટના અંતરે મુકીને નાસી જઇ એકબીજાને મદદગારી કરી હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ફરીયાદીના પિતાજીનું મોત નીપજાવેલ હોય તે મતલબની ફરીયાદ આરોપીઓ વિરૂદ્ધ કરેલ છે, જે ફરિયાદ ઉના પોલીસ સ્ટેશન સમક્ષ ગુના રજીસ્ટર નંબર ૧૧૧૮૬૦૦૮૨૨૦૨૧૬/૨૦૨૨ થી ઈ.પી.કો. કલમ-૩૦૨, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબની દાખલ કરવામાં આવેલ છે. ત્યારબાદ તપાસ કરનાર અધિકારીએ ગુના અંગેની પુરતી તપાસ કર્યા બાદ આરોપીઓ વિરૂદ્ધ ઈ.પી.કો. કલમ-૩૦૨, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના ગુના અંગેનું તહોમતનામું ફરમાવવા પુરતા કારણો જણાતા હોય આરોપીઓ વિરૂદ્ધ ઉનાનાં વિ.એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં ચાર્જશીટ કરેલ, જે ફોજદારી કેસ નંબર ૯૪૨/૨૦૨૨ થી ઉપરોક્ત ગુન્હા અંગેનું તહોમતનામુ રજુ કરેલ છે.

3. ત્યારબાદ આરોપીઓ સામેનો ગુનો સેશન્સ ટ્રાયેબલ હોય, વિ.એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટશ્રી, ઉના નાંઓએ આરોપીઓને પોલીસ તપાસનાં કાગળોની નકલો આપ્યા બાદ સદર કેસ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૯ મુજબ કમીટ કરી અત્રેની સેશન્સ કોર્ટમાં મોકલી આપેલ. સદરહુ કેસ સેશન્સ કેસ

રજીસ્ટરે સેશન્સ કેસ નં.૦૪/૨૦૨૩ થી નોંધવામાં આવેલ છે.

૪. તહોમત સંબંધે પક્ષકારોની દલીલ તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવા લક્ષમાં લઈ આરોપીઓ વિરૂદ્ધ ઈ.પી.કો. કલમ–૩૦૨, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હા સબબ તહોમત ફરમાવવા માટે પુરતા અને વ્યાજબી કારણો જણાતા હોય આંક–૧૪ થી મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ તહોમત ફરમાવેલ છે અને આરોપીઓએ તેમના વિરૂદ્ધના ગુના સબબ ઈન્કાર કરતા આંક–૧૫, ૧૬ હેઠળ આરોપીઓનું પ્રાથમિક નિવેદન નોંધવામાં આવેલ અને ત્યારબાદ ગુનાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**<u>પુરાવો નોંધવાની કાર્યવાહીઃ</u>**

૫. આરોપીઓ વિરુદ્ધ આંક–૧૪ થી ફરમાવવામાં આવેલા તહોમતનામાની હકીકત પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષ તરફે ઉપરોક્ત **ફોર્મ–'સી'** માં જણાવ્યા મુજબના મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરવામાં આવેલા છે.

**<u>આરોપીઓનું વિશેષ નિવેદનઃ</u>**

૬. ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ આંક–૧૨૧ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી ફરિયાદ પક્ષનો પુરાવો પૂરો થયાનું જાહેર કરેલ છે. બાદમાં આરોપીઓનું ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ ની સાથે કલમ–૨૩૩ મુજબનું વધારાનું નિવેદન લેવામાં આવેલુ, જેમાં આરોપીઓ જણાવે છે કે, તેઓ નિર્દોષ છે, આ કામમાં તેઓને ખોટી રીતે સંડોવી દીધેલ છે, તેઓની સામે ખોટી ફરીયાદ કરેલ છે અને અંતમાં તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારેલ છે.

**૭. <u>વિ. એ.પી.પી.શ્રી ની દલીલ</u> :–**

૭.૧ સદર કામે વિ.એ.પી.પી.શ્રીએ મૌખીક દલીલો કરતા જણાવેલ છે કે,

સદર કામમાં આંક–૧૪ થી આરોપીઓ વિરુધ્ધ તહોમતનામુ ફરમાવેલ છે. આ તહોમતનામુ પુરવાર કરવા ફરીયાદપક્ષે કુલ ૨૬ સાહેદોને તપાસેલા છે. બનાવની ફરિયાદ આંક–૪૦ થી રજુ થયેલ છે, જે ફરીયાદ મુજબ આ કામના મરણજનાર અને આરોપી નં.૨ ને છેલ્લા બે વર્ષથી પ્રેમસંબંધ હોય જેની જાણ આરોપી નં.૧ એટલે કે આરોપી નં.૨ ના પતિને થઈ જતા મરણજનાર જયારે આરોપી નં.૨ ને મળવા બોલાવે છે ત્યારે તેની જાણ આરોપી નં.૧ ને થતા આરોપી નં.૧ કુહાડી લઈને મરણજનાર જે જગ્યાએ મળવા માટે આવેલ હોય છે તે જગ્યાએ જાય છે અને કુહાડી વડે માથામાં, કપાળમાં, પગમાં અને શરીરે આડેધડ ગંભીર જીવલેણ ઈજાઓ કરી મરણજનારનું મોત નીપજાવી પરત ઘરે જતા રહે છે અને બાદમાં આરોપી નં.૧ તથા આરોપી નં.૨ બંને સાથે આવીને મરણજનારની લાશને અને મરણજનારના વાહનને બનાવ સ્થળથી થોડે દુર મુકી હથિયાર બંધીના જાહેરનામાનો ભંગ કરેલાની હકીકત નિ:શંકપણે પુરવાર થાય છે. વધુમાં, બનાવમાં ફરીયાદ મુજબ મરણજનારનું ઈન્કવેસ્ટ પંચનામુ, પી.એમ. નોટ રજુ થયેલ છે તેમજ સારવાર કરનાર તબીબી અધીકારીને પણ તપાસવામાં આવેલ છે અને તેઓના પુરાવા મુજબ આરોપી નં.૧ નાએ માથામાં તથા કપાળમાં કુહાડીથી મરણજનારને ગંભીર ઈજા પહોચાડતા મરણજનારનું મૃત્યુ નીપજેલ હોવાની હકીકત ફલીત થાય છે. આમ, તબીબી અધીકારીનો પુરાવો તથા મરણજનારની પી.એમ. નોટ ધ્યાને લેતા આરોપી નં.૧ નાએ મરણજનારને સ્વેચ્છા પુર્વક હથિયારથી મહાવ્યથા પહોચાડી મરણજનારનું સાપરાધ મનુષ્યવધ કરેલ હોવાનું તેમજ આરોપી નં.૨ નાએ મરણજનારની લાશ બનાવ સ્થળથી દુર મુકી નાસી જઈ આરોપી નં.૧ ની મદદગારી કરેલ હોવાની હકીકત પુરવાર થાય છે. જેથી આરોપીઓનું તહોમત નિ:શંકપણે પુરવાર થતુ હોય, આરોપીઓને તકસીરવાન ઠરાવવા જણાવેલ છે.

૮. <u>બચાવપક્ષની દલીલ</u> :–

૮.૧ સદર કામે આરોપીઓ તરફે વિ.વ.શ્રી પી.વી.સોલંકીની રજુઆત છે કે, આરોપીઓને ખોટી રીતે ગુનામાં સંડોવી દીધેલા છે. ફરીયાદી પોતાની ફરીયાદ હકીકતને વળગી રહેલ નથી અને અદાલત રૂબરૂ પોતાની ફરીયાદની હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ નથી તેમજ ફરીયાદી એ બનાવ વખતે બનાવ સ્થળે હાજર ન હતા, શું બનાવ બનેલો, કેવી રીતે બનેલો તેની પણ તેઓને ખબર નથી. વધુમાં, આ કામે મરણજનારના ભાઈઓ અબ્બાસભાઈ ઓસમાણભાઈ કાળવેતરા તથા સીદીકભાઈ ઓસ્માનભાઈ કાળવેતરા તથા મરણજનારના પુત્ર અને ફરીયાદીના ભાઈ અસ્પાકભાઈ હુશેનભાઈ કાળવેતરા તથા મરણજનારના પત્ની રસીદાબેન હુશેનભાઈ કાળવેતરાને તપાસવામાં આવેલા છે. આ તમામ સાહેદો મરણજનારના ખુબ જ નજીકના અને લોહીનો સંબંધ ધરાવતા સગાઓ છે. તેઓ પણ પોતાના પુરાવામાં બનાવની હકીકતને કોઈ સમર્થનકારી પુરાવો આપતા નથી. આમ, ફરીયાદી તથા સાહેદોના પુરાવાથી ફરીયાદપક્ષનાં કેસની હકીકતને સમર્થન પ્રાપ્ત થતુ નથી. આ કામે મેડીકલ ઓફિસરશ્રીને પણ ફરીયાદપક્ષે તપાસવામાં આવેલા છે, પરંતુ આ કામે તપાસવામાં આવેલ ફરીયાદી તથા સાહેદોની જુબાનીથી મેડીકલ પુરાવાને સમર્થન પ્રાપ્ત થતુ નથી. આ કામે તપાસવામાં આવેલ પંચ સાહેદોએ પંચનામાની હકીકતને સમર્થનકારી પુરાવો રજુ કરેલ નથી. તેવા સંજોગોમાં આ કામે ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, જેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલી છે.

## ૯. પોઈન્ટ ફોર ડીટરમીનેશન સી.આર.પી.સી.ની કલમ-૩૫૪(ડી) મુજબ :-

૯.૧ શું ફરિયાદપક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, મરણ જનારનું મૃત્યુ અકુદરતી મૃત્યુ હતું અને તે સાપરાધ મનુષ્યવધ છે?

૯.૨ શું ફરિયાદપક્ષ વાજબી શકથી પર સાબિત કરે છે કે, આરોપી નં.૧ નાએ તા.૨૦/૦૨/૨૦૨૨ ના રોજ વહેલી સવારના કલાક ૦૫:૦૦ વાગ્યાના સુમારે આરોપી નં.૧ નાએ કુહાડી વડે મરણજનારને માથાના ભાગે, કપાળના ભાગે, ડાબા પગના નળાના ભાગે તથા શરીરે આડેધડ ઘા મારી જીવલેણ ગંભીર ઈજાઓ કરી મરણજનારનું મોત નીપજાવેલ અને બાદમાં બંને આરોપીઓ મરણજનારની લાશને અન્ય સ્થળે ખસેડી નાસી જઈ એકબીજાને મદદગારી કરી હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી નાસી જઈ ભારતીય દંડ સંહીતાની કલમ-૩૦૨, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

૯.૩ શું આખરી હુકમ?

**૧૦. ઉપરોકત મુદાઓ પરત્વે અદાલતનું તારણ નીચે મુજબ છે.**

(૧) મુદા નં. ૯.૧ હકારમાં

(૨) મુદા નં. ૯.૨ નકારમાં

(૩) મુદા નં. ૯.૩ આખરી હુકમ મુજબ

**: : કારણો : :**

**૧૧. ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૩૫૪(૧)(બી) મુજબ :-** ભારતીય ક્રિમીનલ જસ્ટીસ સીસ્ટમ તથા ક્રિમીનલ જયુરીસપ્રુડન્સ મુજબ ફરિયાદપક્ષે તેઓનો કેસ વાજબી શકથી પર સાબિત કરવાનો રહે છે. વધુમાં, ફરિયાદપક્ષે તેનો કેસ સીધા પુરાવાથી કે સાંયોગીક પુરાવાથી સાબિત કરવાનો રહે છે.

**૧૧.૧** વધુમાં, કોઈપણ દંડાત્મક કાનૂનનું અર્થઘટન કરતી વખતે તેને "Strictly construed" કરવાનું રહે છે, એટલે અદાલતે કાયદાનાં

શબ્દો (Litera legis) કરતાં આગળ વધવું જોઇએ નહીં.

**૧૧.૨** જયાં સુધી ભારતીય દંડ સંહિતાને લાગે–વળગે છે ત્યાં સુધી કોઇપણ કૃત્ય ગુનો બને છે કે કેમ? તે માટે ભારતીય દંડ સંહિતાની કલમ–૬ ને પણ લક્ષમાં રાખવાની હોય છે. કલમ–૬ આ સંહિતાની જોગવાઇઓ અપવાદોને આધીન સમજવી :- આ સંહિતામાં પ્રથમથી છેક સુધી ગુન્હાની પ્રત્યેક વ્યાખ્યા, પ્રત્યેક શિક્ષાત્મક જોગવાઇ અને આવી પ્રત્યેક વ્યાખ્યા તથા શિક્ષાત્મક જોગવાઇઓનું પ્રત્યેક દૃષ્ટાંત 'સામાન્ય અપવાદો' શીર્ષકવાળા પ્રકરણમાં આપેલ અપવાદોને આધીન છે તેમ સમજવું. અલબત, આવી વ્યાખ્યા કે શિક્ષાત્મક જોગવાઇ કે દૃષ્ટાંતમાં આવા અપવાદો દોહરાવાયા નથી.

**૧૧.૩** એટલે કે, કોઇપણ કૃત્ય બને છે કે કેમ? તે માટે આ ભારતીય દંડ સંહિતામાં જે અપવાદો આપેલા છે તે અપવાદો લક્ષમાં રાખવાનાં છે. એટલે કે, કોઇપણ કૃત્ય ગુનો બનવા માટે અપવાદોને આધીન છે. નામ. સર્વોચ્ચ અદાલતે પ્રતાપ –વિરૂધ્ધ– ઉત્તર પ્રદેશ રાજયનો ચુકાદો કે જે ૧૯૭૬(૨) એસ.સી.સી.–પાના નં. ૭૯૮ ઉપર પ્રદર્શીત થયેલ છે, જે ચુકાદામાં એવું પ્રતિપાદિત કરેલ છે કે, રેકર્ડ ઉપર જે પુરાવો હોય તેના ઉપરથી અદાલતે કોઇપણ ગુનો અપવાદમાં પડે છે કે કેમ? તે લક્ષમાં રાખી, કોઇ કૃત્ય ગુનો બને છે કે કેમ? તે નક્કિ કરવાનું હોય છે.

**૧૧.૪** ઉપર ચર્ચા કરી તે મુજબ ફરિયાદપક્ષે તેમનો કેસ વાજબી શકથી પર સાબિત કરવાનો હોય છે અને કોઇપણ ભૂલ ભરેલી સજા સમાજ તથા આરોપી માટે ખુબ જ ગંભીર બાબત છે. જેથી સજા કરતી વખતે અદાલતે ધ્યાનમાં રાખવાનું હોય છે કે, એક ડાહયો માણસ અદાલત સમક્ષ પડેલી બાબતો વિચારતા એવા નિર્ણય ઉપર પહોંચે કે, આરોપી શકથી પર ગુનેગાર છે.

Reasonable doubt – અંગે નીચે મુજબની વ્યખ્યા

પ્રસ્થાપિત થયેલ છે:- "Reasonable doubt is that which makes you hesitate as to the correctness of the conclusion which you reach." જયારે અદાલતને તેની રૂબરૂ જે પુરાવો પડેલો હોય તે શુધ્ધ અંતર આત્માથી વિચારતા એવું લાગે કે, આરોપીની ગુનેગારી બાબતે શંકા છે તો તે રીઝનેબલ ડાઉટ છે.

**૧૧.૫** આમ, રીઝનેબલ ડાઉટ રેકર્ડ ઉપરથી ફલીત થતો હોવો જોઇએ અને તે કાલ્પનીક ન હોવો જોઇએ અને રેકર્ડ ઉપરથી જ ફકત શંકા નહીં, પરંતુ વ્યાજબી શંકા આરોપીની ગુનામાં સંડોવણી કે આરોપીના ગુનાકીય કૃત્ય માટે ઉભી થયેલી હોવી જોઇએ.

**૧૨.** આરોપી વિરુધ્ધ ઇ.પી.કોડની કલમ ૩૦૨, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના ગુનાનુ તહોમત ફરમાવવામાં આવેલ છે. જેથી આ તબકકે ઇ.પી.કોડ. ની કલમ-૩૦૨, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ ધ્યાને લેવા પાત્ર થાય છે, જે નીચે મુજબ છે.

**<u>ઇ.પી.કો. કલમ-૩૦૨ ના આવશ્યક તત્વો :-</u>**

(૧) સાપરાધ મનુષ્ય વધ થવા પામ્યો હોય,

(૨) આરોપીએ કોઇ કૃત્ય અથવા કાર્યલોપ આચર્યો હોય,

(૩) જે કારણે ભોગબનનારનુ મૃત્યુ નીપજયુ હોય,

(૪) આરોપીએ કરેલુ કૃત્ય -

- મૃત્યુ નીપજાવવાના ઇરાદાથી કર્યુ હોય, અથવા

- આરોપીને જ્ઞાન હોય કે જે વ્યકિતને શારીરીક હાની પહોંચી છે તેનુ મૃત્યુ નીપજવા સંભવ છે અથવા તેવી શારીરીક હાની પહોંચાડવાના ઇરાદાથી કર્યુ હોય, અથવા

- શારીરીક હાનિ પહોંચાડવાના ઇરાદાથી કર્યુ હોય તથા જે

ઈજા પહોંચાડવા ધારી હોય તે ઈજા કુદરતના સામાન્ય ક્રમમાં મૃત્યુ નીપજાવવા માટે પુરતી હોય, અથવા

– કૃત્ય કરનાર વ્યકિતને જ્ઞાન હોય કે તે કૃત્ય તત્કાલીન એવુ ભયજનક છે કે તે તમામ શકયતાઓ વચ્ચે મૃત્યુ જ નીપજે અથવા તેવી શારીરીક ઈજાના કારણે મૃત્યુ નીપજવાની સંભાવના હોય તથા મૃત્યુ નીપજાવવા કે ઉપર મુજબની ઈજા પહોંચાડવા માટેનુ જોખમ લેવા માટેના કોઈ જ કારણ વગર કૃત્ય કરવામાં આવ્યુ હોય.

**ઈ.પી.કો. કલમ–૧૧૪ :– <u>ગુનો કરવામાં આવે ત્યારે દુષ્પ્રેરકની હાજરી.</u>**

પોતે હાજર ન હોય અને પોતે કરેલા દુષ્પ્રેરણના પરીણામે થયેલા જે કૃત્ય માટે દુષ્પ્રેરક તરીકે કોઈ વ્યકિત શિક્ષાને પાત્ર થાય એવુ કૃત્ય, પોતાની હાજરીમાં થાય તો તેણે પોતે તે કૃત્ય અથવા ગુનો કર્યો છે એમ ગણાશે.

**જી.પી.એકટની કલમ–૧૩૫ :– <u>કલમ ૩૭, ૩૯ અથવા ૪૦ હેઠળ નિયમો અથવા નિર્દેશોના ઉલ્લંઘન માટે દંડ.</u>**

– જે કોઈ કલમ ૩૭, ૩૯ અથવા ૪૦ હેઠળ કાયદેસર રીતે કરવામાં આવેલા આદેશનું ઉલ્લંઘન કરે છે અથવા તેના ઉલ્લંઘનને પ્રોત્સાહન આપે છે, તેને દોષિત ઠેરવવામાં આવશે – (એ) જો હુકમનો અનાદર કરવામાં આવ્યો હોય અથવા જેનો અનાદર કરવામાં આવ્યો હોય તે કલમ ૩૭ ની પેટા–કલમ (૧) અથવા કલમ ૩૯, અથવા કલમ ૪૦ હેઠળ કરવામાં આવ્યો હોય, તો તેને એક વર્ષ સુધીની કેદની સજા થઈ શકે છે પરંતુ લેખિતમાં નોંધવાના કારણો સિવાય, ચાર મહિનાથી ઓછી નહીં અને દંડને પણ પાત્ર રહેશે, અને (બી) જો ઉપરોક્ત આદેશ કલમ ૩૭ ની પેટા–કલમ (૨) હેઠળ કરવામાં આવ્યો હોય, તો એક મહિના

સુધીની કેદની સજા અથવા એકસો રૂપિયા સુધીનો દંડ થઈ શકે છે, અને (સી) જો ઉપરોક્ત આદેશ કલમ ૩૭ ની પેટા–કલમ (૩) હેઠળ કરવામાં આવ્યો હોય, તો એકસો રૂપિયા સુધીનો દંડ થઈ શકે છે.

**૧૩. આ કામે ફરિયાદપક્ષે નીચે મુજબનો પુરાવો રજુ થયેલો છે. સરળતા ખાતર દરેક પુરાવાની સાથોસાથ તેનું પુરાવાકીય મુલ્યાંકન કરવામાં આવેલ છે.**

**ફરીયાદી, સ્વતંત્ર સાહેદો, તબીબી સાહેદ તથા પોલીસ સાહેદોનો પુરાવો :**

**૧૩.૧** આ કામે ફરિયાદપક્ષે આંક–૩૯ થી ફરીયાદી શાકીરભાઈ હુશેનભાઇ કાળવેતરાને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, આ કામનો બનાવ ત્રણેક વર્ષ અગાઉ બનેલો. બનાવની તારીખ, વાર, તીથી, માસ તેમને યાદ નથી. તે આઠ ધોરણ સુધી ભણેલ છે. બનાવના દીવસે સવારના નવેક વાગે તેમના પપ્પાના મોબાઈલ માંથી પોલીસ વાળાનો ફોન આવેલો અને તેમને વાત કરેલ અને જણાવેલ કે આ મોબાઈલ નંબર તમારો છે તેથી તેમણે જણાવેલ કે, આ તેમના પપ્પાનો નંબર છે. પોલીસે તેમને જણાવેલ કે, ઉના ખારા વિસ્તારમાં તમારા પપ્પાનુ મર્ડર થયેલ છે તેમ વાત કરેલી અને બનાવ સ્થળે આવવાનુ જણાવેલ, જેથી તે તથા તેમના કાકા અબ્બાસભાઈ ઉના ખારા વિસ્તારમાં ગયેલા, જયાં તેમના પપ્પાની લાશ ખારા વિસ્તારમાં પડેલ હતી અને માથાના ભાગે વાગેલ હતુ અને ત્યાંથી લોહી નીકળતુ હતુ. તેમના પિતાનુ મર્ડર કોણે કરેલુ તેની તેમને ખબર નથી કે તેમણે આજદીન સુધી જાણેલ નથી. તેમના પપ્પા મજુરીકામ કરતા હતા. પોલીસે આ બાબતે તેમની ફરીયાદ લીધેલી. તેમને અસલ ફરીયાદ બતાવતા તેમાં પોતાની સહી ઓળખી બતાવે છે. જે આંક–૪૦ થી રજુ છે. તેમના પિતાને કોઈ સ્ત્રી સાથે સંબંધ હોય અને તે કારણસર તેઓનુ કોઈએ

ખુન કરેલ હોય અને તેના નામ તેઓએ પોલીસને તેમની ફરીયાદમાં જણાવેલ હોય તેવુ કાઇ બનેલ નથી. તેઓ કોઇ આરોપીઓને ઓળખતા નથી. સદરહુ ફરીયાદી પોતાની ફરીયાદ હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીએ તેઓને વિમુખ જાહેર કર્યા બાદ તેઓની ઉલટતપાસ કરવા છતાં તેઓએ પોતાની ફરીયાદ હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

**૧૩.૨** સદર ફરીયાદીની બચાવપક્ષે ઉલટતપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ તેમણે નજરે જોયેલ નથી કે બનાવ સંબંધે તેમને કોઇ જાતમાહીતી નથી. તેમના પિતા મજુરી કામ કરતા હોય તેઓ સવારે વહેલા જતા હતા અને રાતે મોડા આવતા હતા. તેમને પોલીસ વાળાનો ફોન આવેલો ત્યારે તે ખારા વિસ્તારમાં ગયેલ અને ત્યારબાદ તેમના કાકા અબ્બાસભાઈ સાથે સરકારી દવાખાને ગયેલ. તેમના બાપુજીની માહીતી તેમની પાસે માંગેલી. પોલીસ વાળાએ માત્ર તેમનું નામ, સરનામુ પુછેલુ. નામ ઠામ પુછી અને એક તૈયાર લખાણમાં પોલીસે તેમની સહી લીધેલી. તે લખાણમાં શું લખેલ હતુ તે તેમને વાંચી સંભળાવેલ નહી કે તેમણે વાંચેલ ન હતુ.

**૧૩.3** સદર સાહેદના પિતાનું મૃત્યુ થયેલ છે. નિર્વીવાદપણે તેઓએ બનાવ નજરે જોયેલ નથી, પરંતુ પોલીસે લાશ જોયા બાદ તુરંત જ સદર સાહેદને ફોનથી બનાવની જાણ કરેલ છે અને સદર સાહેદ ફરીયાદપક્ષના કેસ મુજબ પોતાના કાકાને લઈને બનાવવાળી જગ્યાએ ગયેલ છે. સદર સાહેદે જ આરોપીઓના નામ જોગ ફરીયાદ આપેલ છે, પરંતુ સદર સાહેદની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓ પોતાની ફરીયાદને લેશમાત્ર સમર્થન આપતા નથી. તેઓના કથન મુજબ તેઓના પિતાનું ખૂન કોણે કરેલ છે તેની તેઓને ખબર નથી કે તેઓને જાણવા પણ મળેલ નથી. વધુમાં તેઓના કથન મુજબ પોલીસે એક લખાણ તૈયાર કરી તેઓની સહી કરાવેલ છે અને આમ, તેઓના કથન મુજબ ફરીયાદના કથનો તેઓએ પોલીસને લખાવેલ નથી. વધુમાં ફરીયાદપક્ષના કેસ મુજબ મરનારને આરોપી

નં. ૨ સાથે પ્રેમ સંબંધ હોવાથી આક્ષેપિત બનાવ બનેલ છે, પરંતુ સદર સાહેદની જુબાની મુજબ મરનારને આરોપી નં. ૨ સાથે કે કોઇ સ્ત્રી સાથે પ્રેમ સંબંધ હોવાનો તેઓએ ઇન્કાર કરેલ છે. તેઓની ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવે તો તેઓએ બનાવ નજરે જોયેલ નહિં હોવાનું તેઓએ જણાવેલ છે, જે હકિકત ફરીયાદપક્ષના કેસ મુજબ પણ નિર્વીવાદ છે. આમ, ફરીયાદી કે જેઓ મરનારના પુત્ર છે તેમજ ફરીયાદપક્ષના સૌથી અગત્યના સાહેદ છે, જેઓની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓ ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપતા નથી. વધુમાં તેઓની સરતપાસ મુજબ તેઓ આરોપીઓને ઓળખી પણ બતાવતા નથી અને આમ, સદર સાહેદના પુરાવા પરથી આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય તેમ નથી.

**<u>તબીબી સાહેદનો પુરાવો :-</u>**

૧૪. આ કામે ફરિયાદપક્ષે આંક-૪૧ થી તબીબી સાહેદ ડો.નારણભાઇ કરશનભાઈ જાદવને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓએ એમ.બી.બી.એસ. સુધીનો અભ્યાસ કરેલ છે અને છેલ્લા ૩૧ વર્ષથી અલગ અલગ જગ્યાએ મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવે છે. તા.૨૦/૦૨/૨૦૨૨ ના રોજ તેઓ સરકારી હોસ્પીટલ, ઉના ખાતે મેડીકલ ઓફીસર તરીકે ફરજ પર હતા ત્યારે સાકીત હુસેનભાઇ કાળવેતરા, રહે.ઉપલા રહીમનગર, ઉના વાળા, હુસેનભાઇ ઓસમાણભાઇ કાળવેતરા, ઉ.વ.પર, રહે.ઉના વાળાની ડેડ બોડી સવારના કલાક ૧૦/૩૦ વાગે લાવેલા. તેઓએ ડેડબોડીની તપાસ કરતા તેના બી.પી.પલ્સ રેકોર્ડેબલ ન હતા તેમજ હૃદય તથા ફેફસા ચાલુ હોવાનો કોઈ અવાજ આવતો ન હતો અને સેન્ટ્રલ નર્વસ સીસ્ટમમાં કોઇ રીફલેકટસ જણાયેલ નહી. આંખની કીકીઓ પહોળી થયેલ હતી અને ફીકસ થયેલ હતી અને ટોર્ચથી આંખમાં પ્રકાર કરતા કોઇ રીફલેકટસ થયેલ નહી. તેઓએ પી.એસ.ઓ., ઉનાના શ્રી કે.આર.પરમારને ટેલીફોનીક જાણ કરેલી. ત્યારબાદ પોલીસે દવાખાને આવી લાશ

ઉપર જરુરી કાર્યવાહી કરી ઈન્કવેસ્ટ પંચનામાની નકલ તથા અસલ મરણોતર ફોર્મ ભરી પેનલ ડોકટરથી પી.એમ. કરવા માટે લેખીત યાદી આપેલી જે અસલ યાદી તથા મરણોતર ફોર્મ અનુક્રમે આંક–૪૨, ૪૩ થી રજુ છે. તેઓએ તથા તેઓના સાથી પેનલ ડો.શ્રી એન.કે.મીશ્રાએ આ શબનુ પરીક્ષણ તા.૨૦/૦૨/૨૦૨૨ ના સવારના કલાક ૧૧/૪૦ શરુ કરી તે જ દીવસે બપોરના કલાક ૧૩/૪૦ વાગે પુર્ણ કરેલુ. આ વખતે તેઓની સાથે જુનીયર ડો.શ્રી સોનીયાબેન જાદવ પણ સાથે હતા. શબનુ બાહય પરીક્ષણ કરતા તે આશરે પર વર્ષના પુરુષનુ હતુ અને તેના શરીરે કાળા કલરનુ સ્વેટર અને શફેદ ડીઝાઇન વાળુ ટીશર્ટ અને બ્રાઉન કલરનુ પેન્ટ પહેરેલ હતુ. કપડાઓ લોહીથી ખરડાયેલ હતા. આ શબ ઓળખાયેલ વ્યકિતનુ હતુ. શબનુ શારીરીક બંધારણ હુષ્ટપુષ્ટ હતુ તેમજ સારી રીતે પોષીત હતુ તેમજ લાશ ઠંડી હતી. ચહેરાના ભાગે તથા ગરદનના સ્નાયુઓ અકળાયને કડક થયેલા જોવા મળેલા. પી.એમ. લીવીડીટી પાછળના ભાગે તથા કુલાના ભાગે થોડી વિકસીત જોવા મળેલી. શબનો દેખાવ સામાન્ય હતો. આંખો બંધ હતી. મોઢુ બંધ હતુ. જીભ મુખની અંદર હતી અને નાકમાંથી લોહી નીકળતુ હતુ. બાહય જનનેન્દ્રીય સામાન્ય હતી. શબના શરીરે નીચે મુજબની ઈજાઓ જોવા મળેલી, જેનો ઉલ્લેખ અમોએ પી.એમ. નોટની કોલમ નં.૧૭ માં કરેલો છે. ઈજા નં.૧–૨.૫ સે.મી. લાંબો ૨.૫ સે.મી. પહોળો અને હાડકા સુધી ઉંડો એવો કપાયેલો ઘા કપાળની ડાબી બાજુએ આગળથી પાછળની તરફ જતો હોય તેવો જોવા મળેલો. ઈજા નં.૨–૨ સે.મી. લાંબો x ૧ સે.મી. પહોળો અને હાડકા સુધી એવો કપાયેલો છુંદાયલો ઘા કપાળના વચ્ચેના અને ઉપરના ભાગે જોવા મળેલો. ઈજા નં.૩–૨ સે.મી. લાંબો x ૧ સે.મી. પહોળો અને હાડકા સુધી ઉંડો કપાળની ડાબી બાજુએ ઈજા નં.૧ ની બહારની સાઇડમાં હતો અને ત્રાંસો હતો. ઈજા નં.૪–૩ સે.મી. લાંબો x ૧ સે.મી. પહોળો તથા હાડકા સુધી ઉંડો એક કપાયેલો ઘા હતો જે માથામાં આગળના ભાગે ડાબા ટેમ્પોરલ રીજીયનમાં હતો. ઈજા નં.૫–૫

સે.મી. લાંબો x ૦.૫ સે.મી. પહોળો તથા હાડકા સુધી ઉંડો એક કપાયેલો ઘા હતો જે ડાબા ઓકસીપીટલ રીજીયનમાં હતો. ઈજા નં.૬–ડાબા હાથની રીંગ ફીંગર પર છોલાણ હતુ. ઈજા નં.૭–૨ સે.મી. લાંબો x ૦.૫ સે.મી. પહોળો તથા હાડકા સુધી ઉંડો એક કપાયેલો ઘા હતો જે ડાબા પગમાં બહારની સાઈડે ઘુંટણની ઉપરના ભાગે હતો. ઈજા નં.૮–૧ સે.મી. લાંબો x ૦.૫ સે.મી. પહોળો તથા સ્નાયુ સુધી ઉંડો એક કપાયેલો છુંદાયેલો ઘા હતો જે ડાબા પગમાં ઉપરોકત ઈજા નં.૭ ની ઉપરની તરફ હતો. ઈજા નં.૯–૩ સે.મી. લાંબો x ૦.૫ સે.મી. પહોળો તથા હાડકા સુધી ઉંડો એક કપાયેલો ઘા હતો જે ડાબા પગની ઘુંટીના બહારના ભાગે હતો. ઈજા નં.૧૦–જમણી બાજુની છાતી ઉપર ૨ ઇંચની ઈજાની છાપ હતી જે ઈજા મૃત્યુ બાદની હતી. ઈજા નં.૧૧–જમણા ગોઠણ ઉપર છોલાણ હતુ. બાહ્ય તપાસથી લેફટ ટેમ્પોરલ રીજીયનમાં ડીપ્રેસ્ટ ફ્રેકચર જોવા મળેલ જે ફ્રન્ટલ બોન અને ટેમ્પોરલ બોનનુ હતુ. ડાબા પગના ટીબીયા અને ફીબ્યુલા નામના હાડકાનુ ફ્રેકચર થયેલ હતુ. ઉપરોકત ઈજાઓ પૈકી ઈજા નં.૧૦ સીવાયની તમામ ઈજાઓ મૃત્યુ પહેલાની હતી. શબનુ આંતરીક પરીક્ષણ કરતા માથામાં જે ઈજા જોવા મળેલી તેમાં કોલમ નં.૧૭ ની ઈજા નં.૧ થી ૫ સાથે સુસંગત જોવા મળેલી. ખોપરીની તપાસ કરતા ઈન્ટરનલ જે ફ્રેકચર જોવા મળેલા તે પી.એમ. નોટની કલમ નં.૧૮ માં જણાવેલ ઈજા સાથે સુસંગત હતા. મગજ કંજેસ્ટેડ હતુ અને ડાબા ફ્રન્ટલ ટેમ્પોરલ તેમજ ઓકસીપીટલના બ્રેઈનના પાર્ટ ઉપર લોહી ગંઠાઈ ગયેલ જોવા મળેલુ. છાતી, ફેફસા, કંઠેન્દ્રીય, શ્વાસનળી, કલોમ, હદય, મોટી રકત વાહીનીઓ, પેટની દીવાલ, પોલાણ, ઉદર, ગુહા સામાન્ય હતા. મોં ના બોખની અંદર લોહી જામી ગયેલ જોવા મળેલુ. અન્નનળી સામાન્ય હતી. હોજરી ખાલી અને સામાન્ય હતી. નાના આંતરડામાં પાચન થયેલા ખોરાકની હાજરી હતી તેમજ મોટા આંતરડામાં મળની હાજરી જોવા મળેલી. યકૃત, પીતાશય, અંન્નાશય, અધીવૃકો, બરોળ, મુત્રપીંડ સામાન્ય હતા, પેશાબની કોથળી સામાન્ય હતી. તેઓએ પી.એમ. દરમ્યાન

શબ ઉપરથી બ્લડ, કપડા લઈ સીલબંધ સ્થીતીમાં પોલીસને સોંપેલા. કરોડરજજુ સામાન્ય હતી. મરણ જનારને થયેલ ઈજાઓ પૈકી ઈજા નં.૧, ૪, ૫, ૭, ૯ વાળી ઈજાઓ તીક્ષ્ણ અને ધારદાર હથીયારથી થઇ શકે તેવી હતી જયારે બાકીની ઈજાઓ સખત અને બોથડ પદાર્થ વડે થઇ શકે તેવી હતી. મરણ જનારને માથાના ભાગે થયેલ ઈજા નં. ૨ અને ૩ તથા પી.એમ. નોટની કોલમ નં.૧૮ માં જણાવેલ ઈજા નં.૧ મરણ જનારનુ મોત નીપજાવવા માટે પુરતી હતી. **તેઓના અભીપ્રાય મુજબ મરણજનારનુ મોત માથાની ઈજાઓના લીધે મગજની અંદર હેમરેજ થવાથી શોકમાં જવાથી થયેલ છે.** આ બાબતે તેઓની સુચનાથી જુનીયર ડો.શ્રી સોનીયાબેન જાદવે પોતાના હસ્તાક્ષરમાં પી.એમ. નોટ તૈયાર કરેલી જે તેઓએ પોલીસને આપેલી. તેમને પી.એમ. નોટ બતાવતા તેમાં તેમની તથા સાથી પેનલ ડો.શ્રી મીશ્રા સાહેબની સહી ઓળખી બતાવે છે. જે આંક-૪૪ થી રજુ છે. તેઓએ પોલીસને નમુનાઓ પર મારેલ શીલની છાપનો પત્ર મોકલાવેલો. જે તેમના હસ્તાક્ષરમાં છે તેમજ તેમા નમુનાઓ પર મારેલ શીલની છાપ છે જે ઓળખી બતાવે છે. જે આંક-૪૫ થી રજુ છે.

**૧૪.૧** સદર સાહેદની બચાવપક્ષે તરફે ઉલટતપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, જે લાશનુ પી.એમ. કરવામાં આવેલ તેનુ મોત તેઓની પાસે લાવેલ તે પહેલા થયેલ હતુ. તેઓની સમક્ષ લાવેલ શબને માથામાં થયેલ ઈજાને લીધેલ હેમરેજ થયેલ. શાર્પ કટીંગ વાળી ઈજાઓ ધારદાર વસ્તુ પર પડી જવાથી થઇ શકે. માથામાં થયેલ ઈજા બોથડ પદાર્થ સાથે અથડાવાથી થઇ શકે. જયારે અન્ય પ્રશ્નોના નકારમાં જવાબ આપેલ છે.

**૧૪.૨** સદર સાહેદની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓએ શબનું પોસ્ટ મોર્ટમ કરેલ છે. તેઓના અભિપ્રાય મુજબ મરનારનું મૃત્યુ **માથાની ઈજાઓના લીધે મગજની અંદર હેમરેજ થવાથી શોકમાં જવાથી થયેલ છે.** જો કે, શાર્પ તેમજ બોથડ પદાર્થ સાથે અથડાવાથી આવી

ઈજાઓ થઇ શકે તેવી સંભાવના બચાવપક્ષ તર્ફે બહાર લાવવાનો પ્રયાસ કરેલ છે, પરંતુ આવો કોઇ શાર્પ અથવા બોથડ પદાર્થ સાથે અથડાવાનો કોઈ બનાવ બનેલ હોય તેવી કોઈ જ હકિકત બચાવપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી. આ તબકકે આંક–૨૩ થી રજૂ ઈન્કવેસ્ટ પંચનામું ધ્યાને લેવામાં આવે તો મરણજનારને ગંભીર પ્રકારની ઈજાઓ થયેલ હોવાની હકિકતો રેકર્ડ ઉપર આવેલ છે. સદરહુ પંચનામાના પંચ પણ આંક–૨૩ વાળા પંચનામાને સંપુર્ણપણે સમર્થનકારી હકિકતો પોતાની જુબાનીમાં જણાવે છે. વધુમાં ઈન્કવેસ્ટની કાર્યવાહી મામલતદારશ્રી સમક્ષ થયેલ છે, જેઓને આંક–૮૩ થી સાહેદ નં. ૧૪ તરીકે તપાસવામાં આવેલ છે તેમજ આંક–૨૩ વાળા પંચનામાની કાર્યવાહી તેઓએ કરેલાનું તેઓએ પોતાની જુબાનીમાં સ્પષ્ટપણે જણાવેલ છે. આમ, મરણજનારનું મૃત્યુ કુદરતી નહિં પણ અકુદરતી રીતે થયેલાનું અને તે સાપરાધ મનુષ્યવધ હોવાનું પુરવાર થાય છે અને તેથી **મુદા નં. (૧)** નો જવાબ **હકારમાં** આપુ છું.

## <u>સ્વતંત્ર સાહેદોનો પુરાવો :–</u>

**૧૫.** આ કામે ફરિયાદપક્ષે આંક–૪૯ થી સાહેદ મનીષભાઈ જયસુખભાઈ લુણાગરીયાને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓ ઉના મુકામે અભય કોમ્પ્યુટર એન્ડ સી.સી.ટી.વી. કેમેરા નામથી દુકાન ધરાવે છે. તેઓ ઉના શહેરમાં નવા સી.સી.ટી.વી. ફીટ કરવાની તેમજ રીપેરીંગ કામગીરી કરે છે. તા.૨૧/૦૨/૨૦૨૨ ના રોજ તેઓ તેમની દુકાને હતા ત્યારે કીશનભાઈ દીનેશભાઈ પરમાર, રહે.ઉના વાળાએ તેમને ફોન કરી તેમના ઘરે બોલાવેલ અને તેમના સી.સી.ટી.વી. ફુટેજનુ ઉના પોલીસને બેકઅપ જોતુ હોય જેથી તેમણે સેન્ડીસ્ક કંપનીની ૧૬ જી.બી.ની પેન્ડ્રાઈવ તેમના ડી.વી.આર. માં નાખી તા.૨૦/૦૧/૨૦૨૨ ના રોજના વહેલી સવારના ચારથી છ વાગ્યા સુધીની બે અલગ અલગ ફાઇલ બનાવી ઉના પોલીસ સ્ટેશન ખાતે

ગયેલ અને પંચો રુબરુ પોલીસના કોમ્પ્યુટરમાં પેનડ્રાઇવ નાખી ઓપન કરેલી અને તેમાં એક પુરુષ લાકડાના હાથા જેવી દેખાતી કુહાડી જેવા હથીયાર લઇ પેદલ ચાલતો આ કીશનભાઇના ઘરના ડેલાની પાસે રસ્તા ઉપર જતો દેખાયેલો અને ત્યારબાદ તેની પાછળ કોઇ લાલ કલરની જીમી પહેરે સ્ત્રી હતી જે અંગેના સી.સી.ટી.વી. ફુટેજ તેમણે પોલીસને ડેટા મુજબ સાચા આપેલા અને તે બાબતે પ્રમાણપત્ર આપેલુ. જે ડેટા તેમણે જેમના તેમ લીધેલા અને તેમાં કોઇપણ જાતના ચેડા કે ફેરફાર કરવામાં આવેલ નથી જે પ્રમાણપત્રમાં તેમની સહી તેમની દુકાનનુ રાઉન્ડ સીલ હોય ઓળખી બતાવે છે. જે આંક–૫૦ થી રજુ છે. પોલીસે આ બાબતે તેમની પુછપરછ કરી જવાબ લીધેલો. તેમને મુદામાલ સેન્ડીસ્ક કંપનીની પેનડ્રાઇવ બતાવતા તે તેમણે પોલીસમાં આપેલી તે જ હોવાનું જણાવી ઓળખી બતાવે છે.

**૧૫.૧** સદર સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તે અભય કોમ્પ્યુટરના નામે તેમનું કામકાજ ચલાવે છે. જેમાં તેમણે ઘણાબધા માણસોને રાખેલા છે. ફુટેજ લેવાની કામગીરીમાં દરેક જગ્યાએ તેઓ જઇ શકતા નથી, તેમના માણસો પણ જાય છે. તેમણે હમણા સી.સી.ટી.વી. ફુટેજ લીધેલાનુ જણાવેલુ તે તેમણે કે તેમના માણસોએ લીધેલા તે ચોકકસ જણાવી શકે નહી. પેનડ્રાઇવ જયારે પોલીસને આપવામાં આવી ત્યારે તેમણે પંચોને જોયેલા ન હતા. તેમની રુબરુમાં પોલીસે કોઇ લખાણ કરેલુ ન હતુ. પોલીસે માત્ર તેમનું નામ, સરનામુ, ઉંમર પુછેલી તે સીવાય તેમને કાંઇ પુછેલ નહી, તેમણે પોલીસને કાંઇ લખાવ્યુ ન હતુ.

**૧૫.૨** ફરીયાદપક્ષના કેસ મુજબ બનાવના સમયગાળા દરમ્યાન આ કામના આરોપીઓ પૈકી આરોપી નં. ૧ કુહાડી લઇને તથા આરોપી નં. ૨ નાઓ તેમની પાછળ જતા હોવાની સ્થીતિ સી.સી.ટી.વી. માં રેકર્ડ થયેલ છે અને તે ફુટેજ સદર સાહેદે મેળવી આપી પોલીસમાં રજૂ કરેલ છે. સદર સાહેદની જુબાનીની ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવે તો

આ સી.સી.ટી.વી. કુટેજ તેઓએ મેળવેલ છે કે તેઓના કર્મચારીએ મેળવેલ છે તે તેઓ ચોકકસ કહી શકે તેમ નથી. વધુમાં સી.સી.ટી.વી. કુટેજ મળી આવેલાનું માની લેવામાં આવે તો પણ તેમાં દેખાતા બન્ને ઇસમો હાલના આરોપીઓ જ હતા કે કેમ? તે હકિકત એકપણ સાહેદના પુરાવા થકી બહાર આવતી નથી. વધુમાં નિર્વીવાદપણે સદરહુ કુટેજ બનાવવાળી જગ્યાના નથી કે તે કુટેજમાં આક્ષેપિત બનાવ કેદ થયેલ નથી અને તેથી દલીલ ખાતર તે કુટેજમાં દેખાતા ઇસમો હાલના આરોપીઓ જ હોવાનું માની લેવામાં આવે તો પણ તેઓએ આક્ષેપિત ગુનો આચરેલ હોવાની હકિકત પુરવાર થતી નથી. વધુમાં સદર સાહેદના કથન મુજબ તેઓએ જયારે કહેવાતી કુટેજની પેનડ્રાઇવ પોલીસને આપી ત્યારે પંચોને તેઓએ જોયેલ નથી અને આમ, સદરહુ કાર્યવાહી સ્વતંત્ર પંચોની હાજરીમાં કરવામાં આવેલ હોય તેમ જણાઈ આવતું નથી.

૧૬. આ કામે ફરિયાદપક્ષે આંક–૮૩ થી સાહેદ મેહુલભાઇ નાગરભાઇ ચૌહાણને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૨૦/૨/૨૦૨૨ ના રોજ તેઓ ઉના મામલતદાર કચેરી ખાતે નાયબ મામલતદાર તથા એકઝી. મેજીસ્ટ્રેટ તરીકે ફરજ બજાવતા હતા. તે દીવસે ઉના પો.સ્ટે. ના પી.એસ.ઓ. તરફથી સવારના કલાક ૧૦.૪૧ વાગ્યે ઉના પો.સ્ટે. સ્ટેશન ડાયરી એન્ટ્રી નં.૯/૨૦૨૨ ના કામે ઇન્કવેસ્ટ પંચનામુ કરવા માટે લેખીત યાદી મળેલી. જે અસલ યાદી આંક–૮૪ થી રજુ છે. જે યાદીના આધારે તેઓ તાત્કાલીક ઉના સરકારી દવાખાને ગયેલા. જયાં એડહોક પી.એસ.આઇ. એ.વી.સાંખટ હાજર હતા તેઓને મળેલા અને તેઓ સાથે હોસ્પીટલના પી.એમ. રુમમા ગયેલા. જયાં હાજર પોલીસ મારફત બે પંચોને બોલાવી મરણજનારની લાશનુ ઇન્કવેસ્ટ પંચનામુ કરવાની સમજ આપી પંચમા રાખેલા. પંચો રુબરુ લાશ જોતા પી.એમ. રુમમાં ઓટા ઉપર ચાદર ઓઢાડેલ હાલતમા માનવ લાશ પડેલ હતી. જે લાશ ખેસવી જોતા પુરુષ વ્યકતીની લાશ હતી.

માથાના ભાગે ડાબી સાઇડ કાનની ઉપરના ભાગે કાપો હતો જે આશરે બે ઇંચ જેટલો હતો અને તેની બાજુમા પાછળના ભાગે પણ બે ઇંચ જેટલો કાપો હતો તથા માથામા કપાળના ભાગે તેમજ ઉપર વચ્ચેના ભાગે કાપો હતો અને માથામા તેમજ મોઢામા નાકના ભાગે લોહીલુહાણ હાલતમા હતો. જમણી બાજુ પડખાના ભાગે લીસોટાના નીશાન હતા તથા ડાબા પગમા ગોઠણના ભાગે છોલાણ હતુ તથા પગમાં નળાના ભાગે ઘા મારવાથી ભાંગી ગયેલો અને લોહીલુહાણ હાલતમા હતો. આ મરણ જનારનુ મોત જેને માથાના ભાગે કોઇ તીક્ષ્ણ હથીયાર વડે માર મારવાથી થયેલાનુ લાગેલુ. આ લાશ ત્યાં હાજર સાકીરભાઇ હુશેનભાઇ કાળવેતરાએ પોતાના પિતા હુશેનભાઇ ઓસમાણભાઇ, ઉ.વ.પ૨, રહે.ઉનાવાળાની હોવાનુ જણાવેલુ. મરણજનારના મોતનુ ચોકકસ કારણ જાણવા લાશ પી.એમ. માટે પોલીસ હવાલે સોપેલ. આ બાબતનુ પોલીસે પંચનામુ પંચો રુબરુ તેઓની હાજરીમા કરેલુ. તેમને આંક-૨૩ વાળુ લખાણ બતાવતા તેમાં બન્ને પંચોની તેમજ રુબરુમાં તેમની તથા એડહોક પી.એસ.આઇ. સાંખટની સહીઓ ઓળખી બતાવે છે.

**૧૬.૧** સદર સાહેદની બચાવપક્ષે વકીલશ્રીનો પોકાર કરાવતા હાજર ન હોય અને આરોપીઓને પુછતા ઉલટતપાસ કરવાની ના પાડતા ઉલટતપાસનો હકક બંધ કરવામાં આવેલ છે.

**૧૬.૨** સદર સાહેદે આંક-૨૩ વાળા ઇન્કવેસ્ટ પંચનામાની કાર્યવાહી કરેલ છે અને તેને સમર્થનકારી હકિકતો પોતાની જુબાનીમાં જણાવે છે. તેઓ પોતાની જુબાનીમાં મરનારને થયેલ ઈજાઓ પણ વર્ણવેલ છે. સદર સાહેદની જુબાનીની ચર્ચા સાપરાધ મનુષ્યવધ છે કે કેમ? તે સંદર્ભેના મુદ્દામાં વિસ્તૃતપણે કરવામાં આવેલ હોઇ, અત્રે તેનું પુનરાવર્તન કરવાનું ટાળેલ છે.

**૧૭.** આ કામે ફરિયાદપક્ષે આંક-૮૫ થી સાહેદ વિજયસિંહ દીપકભાઇ બારડને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં

જણાવેલ છે કે, તે મામલતદાર કચેરી ઉના ખાતે કલાર્ક તરીકે ફરજ બજાવે છે. મામલતદારશ્રી ઉનાને અધીક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ હાલના કેસમાં જાહેરનામા સંદર્ભે જવાબદાર કર્મચારીશ્રીને જાહેરનામાની ખરીનકલ સાથે નામદાર કોર્ટ સમક્ષ હાજર રખાવવા આદેશ કરેલ, જે આદેશનો ફેકસ મેસેજ આંક-૮૬ થી રજુ છે. જે હુકમના આધારે મામલતદારશ્રી ઉનાએ નામદાર કોર્ટમાં જાહેરનામાની ખરીનકલ સાથે લઈ જુબાની આપવા તેઓને મૌખીક હુકમ કરતા તેઓ અધીક જીલ્લા મેજી.ગીરસોમનાથે તા.૦૪/૦૨/૨૦૨૨ ના રોજ બહાર પાડેલ હથીયાર બંધીના જાહેરનામાની ખરીનકલ સાથે હાજર રહેલ છે. જે જાહેરનામુ તા.૦૬/૦૨/૨૦૨૨ થી દીન-૩૦ સુધી અમલમાં હતુ. જે આંક-૮૭ થી રજુ છે. સદર સાહેદની બચાવપક્ષે વકીલશ્રીનો પોકાર કરાવતા હાજર ન હોય અને આરોપીઓને પુછતા ઉલટતપાસ કરવાની ના પાડતા ઉલટતપાસનો હકક બંધ કરવામાં આવેલ છે.

**૧૭.૧** સદર સાહેદે પોતાની જુબાનીના માધ્યમથી હથીયારબંધીનું જાહેરનામું રજૂ કરેલ છે તેમજ બનાવના અરસામાં તે અમલમાં હોવાનું જણાવેલ છે. જો કે, સદરહુ જાહેરનામાની પ્રસિધ્ધિ કેવી રીતે થયેલી તે અંગેની કોઈ જ હકિકત તેઓ પોતાની જુબાનીમાં જણાવતા નથી. વધુમાં આરોપી પાસેથી મુદામાલ વાળુ હથીયાર મળી આવેલાની હકિકત પુરવાર થતી ન હોય ત્યારે આ હથીયારનામું દલીલ ખાતર પુરવાર થયેલાનું માની લેવામાં આવે તો પણ તેનાથી આરોપીને ગુના સાથે સાંકળી શકાય તેમ નથી.

**૧૮.** આ કામે ફરિયાદપક્ષે આંક-૮૯ થી સાહેદ અબ્બાસભાઈ ઓસમાણભાઈ કાળવેતરાને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, આ કામે મરણ જનાર હુશેનભાઈ તેમના મોટા ભાઈ થાય છે. તેમના ભાઈ હુશેનભાઈને મરણ ગયાને ત્રણેક વર્ષ જેટલો સમય થયેલ છે. તેમને વાતોવાતોથી સમાચાર મળેલ કે હુશેનભાઈ મરણ ગયેલ છે અને તેની ડેડબોડી દવાખાને પડેલ છે

તેથી તે ઉના સરકારી દવાખાને ગયેલ હતા. તે વખતે ત્યાં ઘણા લોકો હાજર હતા. તેમણે પોતાના ભાઇની લાશ જોયેલ નથી. તેમના ભાઇ હુશેનભાઇ કેવી રીતે મરણ ગયેલ તેની તેમને કાઇ ખબર નથી. પોલીસે તેમનું નામ સરનામુ પુછેલ તે સીવાય કાઇ જાણતા નથી. તે આ કામના આરોપીઓને ઓળખતા નથી. તેમના ભાઇ હુશેનભાઇને કોઇ સાથે પ્રેમસંબંધ હોય અને તે કારણસર કોઇએ તેનુ ખુન કરી નાખેલ હોય તેવુ કાઇ બનેલ નથી કે તેમણે પોલીસને કાંઇ જણાવેલ નથી. સદરહુ સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીએ તેઓને વિમુખ જાહેર કર્યા બાદ તેઓની ઉલટતપાસ કરવા છતાં તેઓએ ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

**૧૮.૧** સદર સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તે સરકારી દવાખાને હાજર હતા ત્યારે પોલીસે માત્ર તેમનું નામ સરનામુ પુછેલુ, તે સીવાય બીજુ કાઇ પુછેલ નહી.

**૧૮.૨** સદર સાહેદ મરનારના સગા ભાઇ થાય છે. નિર્વીવાદપણે તેઓએ બનાવ નજરે જોયેલ નથી, પરંતુ બનાવની હકિકતો તેઓએ વાતોવાતથી જાણેલ છે. તેઓની જુબાનીની સરતપાસ ધ્યાને લેવામાં આવે તો બનાવ કેવી રીતે બન્યો તેની તેઓને ખબર નહિં હોવાનું જણાવે છે. તેઓએ આરોપીઓને જોયેલા નથી કે તેઓ કોર્ટ રૂબરૂ આરોપીઓને ઓળખી બતાવતા નથી. વધુમાં મરનાર પ્રેમસંબંધ સંદર્ભેની હકિકતથી તેઓ વાકેફ નહિં હોવાનું જણાઇ આવે છે. આમ, મરનારના સગાભાઇની જુબાની ધ્યાને લેવામાં આવે તો પણ આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય તેમ નથી.

**૧૯.** આ કામે ફરિયાદપક્ષે આંક–૯૦ થી સાહેદ મોહમદયાસીન ઉર્ફે દરજી યુસુફભાઇ વાઢેરને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, આ કામે મરણ જનાર હુશેનભાઇ તેમના સસરા થાય છે. આ કામનો બનાવ વર્ષ ૨૦૨૨ મા બીજા મહીનામા

બનેલો. તે દીવસે તે તેમના ઘરે હતા અને તેમના સસરાના ઘરેથી તેમના સાસુનો તેમના પર ફોન આવેલ અને તેમને કહેલ કે તમારા સસરાને કયાક થઇ ગયેલ છે તમે ઉના સરકારી દવાખાને આવો. જેથી તે ઉના સરકારી દવાખાને ગયેલ. તેમના સસરાની લાશ તેમણે જોયેલી. જેમા મોઢા ઉપર ચહેરા ઉપર ડાબી બાજુ જખમ હતો. આ સીવાય બીજુ કાંઇ જોયેલ નહી. પોલીસ દવાખાને હાજર હતી. પોલીસે માત્ર તેમનું નામ સરનામુ પુછેલુ. પોલીસે તેમને બીજુ કાઇ જણાવેલ નહી કે તેમણે પોલીસને પુછેલ નહી. તેમના સસરા કયા કારણસર ગુજરી ગયેલ તેની તેમને ખબર નથી. તેમના સસરાને કોઇ સ્ત્રી સાથે પ્રેમસંબંધ હોય અને તે કારણસર તેનુ ખુન થયેલ હોય તેવુ બનેલ નથી. તે કોર્ટમા હાજર આરોપીઓને ઓળખતો નથી કે અગાઉ કયાય જોયેલ નથી. સદરહુ સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીએ તેઓને વિમુખ જાહેર કર્યા બાદ તેઓની ઉલટતપાસ કરવા છતાં તેઓએ ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

**૧૯.૧** સદર સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તે સરકારી દવાખાને હાજર હતા ત્યારે પોલીસે માત્ર તેમનું નામ સરનામુ પુછેલુ, તે સીવાય બીજુ કાઇ પુછેલ નહી.

**૧૯.૨** સદર સાહેદ મરનારના જમાઇ છે. નિર્વીવાદપણે તેઓએ બનાવ નજરે જોયેલ નથી, પરંતુ ફોનથી બનાવની જાણ થતા તેઓ હોસ્પીટલે ગયેલા છે, જયાં તેઓએ મરનારની લાશ જોયેલ છે. પરંતુ મરનારને કોની સાથે બનાવ બનેલ કે કોણે તેઓને મારેલ છે તે હકિકતથી તેઓ વાકેફ નહિં હોવાનું તેઓની જુબાની પરથી ફલિત થાય છે. વધુમાં તેઓને મરનારના પ્રેમસંબંધની પણ માહિતી ન હોય તેમ જણાઇ આવે છે. વધુમાં તેઓ આરોપીઓને ઓળખી પણ બતાવતા નથી અને આમ, સદરહુ સાહેદના પુરાવા થકી પણ આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય તેમ નથી.

**૨૦.** આ કામે ફરિયાદપક્ષે આંક–૯૧ થી સાહેદ અસ્પાકભાઇ હુશેનભાઇ કાળવેતરાને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, આ કામે મરણજનાર હુશેનભાઇ તેમના પિતા થાય છે. આ કામનો બનાવ ચારેક વર્ષ અગાઉ તા.૨૧/૨/૨૨ ના રોજ બનેલો. તે દીવસે તે જખ્ખો બંદર મુકામે હતા. તે દીવસે ઉનાથી તેમના ભાઇ શાકીરનો તેમના ઉપર ફોન આવેલ કે, પપ્પા મરણ ગયેલ છે અને દવાખાને છે. ત્યારબાદ તે જખ્ખો મુકામેથી ઉના મુકામે આવેલા. તેમણે તેમના પિતાની લાશ જોયેલ નથી. તેમના પિતા કેવી રીતે મરણ ગયેલ તેની તેમને ખબર નથી કે આજદીન સુધી જાણેલ નથી. તેમના પીતાનું કોઇએ ખૂન કરેલ હોય અને તેનુ નામ તેમણે જાણેલ હોય અને પોલીસને જણાવેલ હોય તેવુ બનેલ નથી. તે કોર્ટમા હાજર આરોપીને ઓાળખતા નથી. પોલીસે તેમની કોઇ પુછપરછ કરેલ નથી. સદરહુ સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીએ તેઓને વિમુખ જાહેર કર્યા બાદ તેઓની ઉલટતપાસ કરવા છતાં તેઓએ ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

**૨૦.૧** સદર સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમના પિતાનુ મરણ થયેલ ત્યારે તે જખ્ખો મુકામે હતા. બનાવ અંગે તેમને કોઇ જાતમાહીતી નથી. પોલીસે તેમનું કોઇ નીવેદન લીધેલ નથી.

**૨૦.૨** સદર સાહેદ મરનારના પુત્ર અને ફરીયાદીના ભાઇ થાય છે. નિર્વીવાદપણે તેઓએ બનાવ નજરે જોયેલ નથી, પરંતુ બનાવ બની ગયા બાદ તેઓ બનાવવાળી જગ્યાએ ગયેલ છે. તેઓના કથન મુજબ તેઓના પિતાનું મરણ થયેલ હોવા છતાં તેઓએ લાશ જોયેલ નથી. બનાવ કેવી રીતે બન્યો તેની તેઓને માહિતી નથી કે તેઓએ જાણેલ નથી. આક્ષેપિત ગુનો કોણે આચરેલ છે તેનાથી પણ તેઓ વાકેફ નથી. તેઓ આરોપીઓને ઓળખી પણ બતાવતા નથી. વધુમાં તેઓના કથન મુજબ પોલીસે તેઓની કોઇ પુછપરછ કરેલ

નથી. આમ, સદરહુ સાહેદના પુરાવા પરથી પણ આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય તેમ નથી.

**૨૧.** આ કામે ફરિયાદપક્ષે આંક–૯૨ થી સાહેદ સોહીલભાઈ સલીમભાઈ કાળવેતરાને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, આ કામે મરણજનાર હુશેનભાઇ તેમના મોટા બાપુજી થાય છે તેઓ મરણ ગયાના ચારથી પાંચ વર્ષ જેટલો સમય થયેલ છે. તેમના મોટા બાપુજી હુશેનભાઇ કઇ રીતે મરણ ગયેલ તેની તેમને ખબર નથી. પોલીસે તેમની કોઇ પુછપરછ કરેલ નથી કે તેમના મોટા બાપા હુશેનભાઈનુ ખુન કોઇએ કરેલ હોય અને તે અંગેની વાત તેઓએ જાણેલ હોય અને પોલીસને જણાવેલ હોય તેવુ કાંઇ બનેલ નથી. સદરહુ સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીએ તેઓને વિમુખ જાહેર કર્યા બાદ તેઓની ઉલટતપાસ કરવા છતાં તેઓએ ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

**૨૧.૧** સદર સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમના મોટા બાપુજીનુ મરણ થયેલ ત્યારે તે ગીરગઢડા તાલુકાના આંબાવાડ ગામે મજુરી કામે ગયેલ હતા. બનાવ અંગે તેમને કોઇ જાતમાહીતી નથી. પોલીસે તેમનું કોઇ નીવેદન લીધેલ નથી.

**૨૧.૨** સદર સાહેદ મરનારના ભત્રીજા છે, પરંતુ તેઓની જુબાની ધ્યાને લેવામાં આવે તો મરનારનું મૃત્યુ કઇ રીતે થયેલ તેની તેઓને ખબર નહિં હોવાનું તેઓ જણાવે છે. તેઓએ તે સંદર્ભેની કોઇ પુછપરછ કરેલ નથી. આ ખૂન કોણે કરેલ છે તેની પણ તેઓને જાણકારી નથી. વધુમાં તેઓની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓ આરોપીઓને ઓળખતા હોય તેમ પણ જણાઇ આવતું નથી. આમ, સદર સાહેદના પુરાવા થકી પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન પ્રાપ્ત થતું નથી.

**૨૨.** આ કામે ફરિયાદપક્ષે આંક–૯૩ થી સાહેદ સીદીકભાઇ ઓસ્માનભાઇ કાળવેતરાને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, આ કામે મરણજનાર હુશેનભાઇ તેમના મોટા ભાઇ થાય છે. તેમના ભાઇ મરણ ગયાને ચાર વર્ષ જેવો સમય થયેલ છે. બનાવ વખતે તેમને પોલીસવાળાનો ફોન આવેલ અને દવાખાને બોલાવેલ જેથી તે સરકારી દવાખાને ગયેલ ત્યાં તેમના મોટાભાઇની લાશ કપડુ ઓઢાડેલ હાલતમાં હતી. તેમણે કપડુ ખોલી લાશ જોયેલ નથી. તેમના મોટાભાઇ કેવી રીતે મરણ ગયેલ તેની તેમને ખબર નથી. તેમના ભાઇ હુશેનભાઇનુ કોઇએ ખૂન કરેલ હોય તેવી હકીકત તેમણે જાણી પોલીસને જણાવેલ હોય તેવુ બનેલ નથી. પોલીસે તેમને મરણજનાર તેમના શું સગા થાય તે પુછેલ. આ સીવાય બીજુ કાંઇ પુછેલ નહી. તે કોર્ટમાં હાજર આરોપીઓને ઓળખતા નથી. સદરહુ સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીએ તેઓને વિમુખ જાહેર કર્યા બાદ તેઓની ઉલટતપાસ કરવા છતાં તેઓએ ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

**૨૨.૧** સદર સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ અંગે તેમને કોઇ જાત માહીતી નથી. પોલીસનો ફોન આવતા તે દવાખાને ગયેલા ત્યાં પોલીસે તેમનું નામ સરનામુ પુછેલુ તે સીવાય બીજુ કાઇ પુછેલ નહી.

**૨૨.૨** સદર સાહેદ મરનારના સગા ભાઈ થાય છે, પરંતુ તેઓની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓએ ફોનથી બનાવની હકિકત જાણેલ છે. તેઓ હોસ્પીટલે ગયેલા છે, પરંતુ તેઓએ લાશ જોયેલ નથી. આ બનાવ કેવી રીતે બન્યો તેમજ કોણે ઈજા પહોંચાડી મોત નિપજાવ્યુ તે હકિકતથી તેઓ વાકેફ હોય તેમ જણાઈ આવતું નથી. પોલીસે તેઓની કોઈ પુછપરછ પણ કરેલ નહિં હોવાનું અને માત્ર તેઓ મરનારના કઈ રીતે સગા થાય છે તેવી હકિકત પુછેલ હોવાનું જણાવે છે. વધુમાં તેઓ આરોપીઓને ઓળખી પણ બતાવતા નથી. આમ,

સદર સાહેદના પુરાવા પરથી પણ આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય તેમ નથી.

**૨૩.** આ કામે ફરિયાદપક્ષે આંક–૯૪ થી સાહેદ રસીદાબેન હુશેનભાઇ કાળવેતરાને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, આ કામે મરણજનાર હુશેનભાઇ તેમના પતિ થાય છે. તેમના સંતાનમાં ચાર દીકરીઓ અને બે દીકરા છે. તેમના પતિ મરણ ગયાને ચાર વર્ષ જેવો સમય થયેલ છે. તેમના પતિ મજુરી કામ કરતા હતા. તેમના પતિ સાથે અન્ય કોણ–કોણ વ્યકિતઓ મજુરી કામ કરતા હતા તેને તે ઓળખતા નથી. બનાવના દીવસે બપોરના બાર વાગ્યે તેમના દીકરા સાકીરે તેમને વાત કરેલ કે, તેમના પતિનું અવસાન થયેલ છે. તેમના પતિનુ કોઇએ ખૂન કરેલ હોય અને તે વ્યકિતનુ નામ તેમણે જાણેલ હોય તેવુ બનેલ નથી. પોલીસે તેમની કોઇ પુછપરછ કરેલ નથી. તે કોર્ટમાં હાજર આરોપીને ઓળખતા નથી. તેમણે પોલીસને તેના પતિનું ખૂન કરનાર વ્યકિતઓના નામ જણાવેલ હોય તેવુ કાંઇ બનેલ નથી. સદરહુ સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીએ તેઓને વિમુખ જાહેર કર્યા બાદ તેઓની ઉલટતપાસ કરવા છતાં તેઓએ ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

**૨૩.૧** સદર સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ અંગે તેમને કોઇ જાત માહીતી નથી. તેમના પતિનું મરણ કઇ રીતે થયેલ તેની પણ તેમને ખબર નથી. પોલીસે તેમની કોઇ પુછપરછ કરેલ નથી.

**૨૩.૨** સદર સાહેદ મરનારના પત્ની છે. નિર્વીવાદપણે તેઓ બનાવને નજરે જોનાર સાહેદ નથી, પરંતુ તેઓએ બનાવની હકિકત વાતોવાતથી જાણેલ છે, પરંતુ તેઓની જુબાની ધ્યાને લેવામાં આવે તો આક્ષેપિત કૃત્ય કોણે કરેલ છે તેની તેઓને માહિતી નહિં હોવાનું જણાવે છે. વધુમાં તેઓએ પોલીસને પણ આરોપીઓના નામો લખાવેલ નહિં

હોવાનું જણાવે છે. તેઓ આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી પણ બતાવતા નથી અને આમ, સદર સાહેદની જુબાની પણ ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થતી નથી.

**૨૪.** આ કામે ફરિયાદપક્ષે આંક-૧૦૩ થી સાહેદ કિશનભાઇ ઉર્ફે અજયભાઇ દીનેશભાઇ પરમારને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તે ઉના મુકામે રામનગર ખારા વિસ્તારમાં તેમના પરિવાર સાથે રહે છે. તેમના ઘરના ડેલા આગળ સીસીટીવી કેમેરા લગાડેલા છે. પોલીસ વાળા ૩-૪ વર્ષ અગાઉ તેમના ઘરે આવેલા અને પુછપરછ કરેલી અને પોલીસે તેમના ઘરના સીસીટીવી કુટેજ ચેક કરેલા. તેમના સીસીટીવી કેમેરાનુ રીપેરીંગનુ કામ અભય કોમ્પ્યુટર ઉના વાળા કરે છે. પોલીસવાળા તેમના ઘરેથી ડી.વી.આર. માંથી પેનડ્રાઇવ બનાવીને લઇ ગયેલ હતા. તેમના સીસીટીવી કુટેજમા શુ હતુ તે પોલીસ વાળા જોતા હતા, તેમણે જોયેલ નહી. તેમણે આ સીસીટીવી કુટેજમા કોઇ વ્યકતીને હથીયાર સાથે અને તેની પાછળ કોઇ સ્ત્રીને જોયેલ નહી કે તે બાબતે પોલીસને જણાવેલ નહી. સદરહુ સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રીએ તેઓને વિમુખ જાહેર કર્યા બાદ તેઓની ઉલટતપાસ કરવા છતાં તેઓએ ફરીયાદપક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

**૨૪.૧** સદર સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમની પાસેથી પોલીસ આવીને જે સીસીટીવી કુટેજ લઇ ગયેલી તે બનાવ અંગેની તેમને કોઇ જાત માહીતી નથી. પોલીસ તેમને ત્યાં આવેલી ત્યારે તેમનું નામ-ઠામ પુછેલુ તે સીવાય કાઇ પુછેલુ નહી.

**૨૪.૨** ફરીયાદપક્ષના કેસ મુજબ સદર સાહેદના ઘર આગળ સી.સી.ટી.વી. કુટેજ લાગેલા છે અને બનાવના સમયગાળામાં આરોપીઓ આ સી.સી.ટી.વી.માં દેખાય છે અને તેના માટે પોલીસે કુટેજ મેળવેલ છે.

ફરીયાદપક્ષના કેસ મુજબ સદર સાહેદે પણ ફુટેજ જોયેલા છે, પરંતુ સદર સાહેદની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓએ ફુટેજ જોયેલ નહિં હોવાનું તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે. વધુમાં અગાઉ થયેલ ચર્ચાનુસાર ફુટેજ બનાવવાળી જગ્યાના નથી, પરંતુ તે તરફના રસ્તાના છે. વધુમાં ફુટેજમાં દેખાતા બન્ને ઈસમો હાલના આરોપીઓ જ હતા કે કેમ? તે હકિકત રેકર્ડ ઉપર આવતી નથી અને તેથી સદર સાહેદની જુબાની પણ ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થતી નથી.

**<u>પંચ સાહેદોનો પુરાવો :-</u>**

**૨૫.** આ કામે ફરિયાદપક્ષે આંક-૨૨ થી પંચ સાહેદ ઈસ્માઈલભાઈ ફરીદભાઈ કુરેશીને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, બેએક વર્ષ પહેલા પોલીસે તેમને તથા ફીરોજખાનને ઉના સરકારી દવાખાને પી.એમ. રુમમાં બોલાવેલા. આ વખતે આ કામના મરણજનાર હુસેનભાઈના દીકરા સોહીલભાઈ ત્યાં હાજર હતા. આ વખતે ત્યાં પી.એમ. રુમમાં એક લાશ પડેલ હતી. આ લાશના કપાળના ભાગેથી માથાના ભાગે વચ્ચે બે બે ઇંચના ઘા ના નીશાન હતા તથા ડાબા પગમાં ઘુટણની નીચે ઈજા હતી અને બીજા કોઈ ભાગમાં ઈજા જોવા મળેલ નહી. લાશના શરીરે સફેદ કલરનુ અડધી બાયનુ ગંજી પહેરેલ હતુ. આ મરણજનારને કુહાડીના ઘા ની ઈજાઓ થયેલાનુ જાણેલુ. આ લાશનુ પોલીસે તેઓની હાજરીમાં લખાણ તૈયાર કરેલુ જેમાં તેઓની સહીઓ ઓળખી બતાવે છે. જે આંક-૨૩ થી રજુ છે.

**૨૫.૧** સદર પંચ સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તે હોસ્પીટલેથી નીકળેલા ત્યારે તેમને પંચમાં બોલાવેલો. તેમને પંચમાં રહેવા કોઈ બોલાવવા આવેલ નહી. પંચનામુ થયેલુ તે વખતે તે અને ફીરોજ બે જણા જ હતા. તે બોલતા હોય અને પોલીસ લખતી હોય તેવુ બનેલ નથી. જયારે અન્ય પ્રશ્નોના નકારમાં જવાબ આપેલ છે.

**૨૫.૨** સદર સાહેદ ઈન્કવેસ્ટ પંચનામાના પંચ છે અને તેઓ આંક–૨૩ વાળા પંચનામાને સંપુર્ણપણે સમર્થન આપે છે અને તેઓની જુબાની તથા અન્ય પુરાવા થકી મરનારનું મૃત્યુ સાપરાધ મનુષ્યવધ હોવાનું પુરવાર થયેલ છે. સદર સાહેદની જુબાનીની વિસ્તૃત ચર્ચા સાપરાધ મનુષ્યવધ વાળા મુદ્દા સાથે કરવામાં આવેલ હોઈ, અત્રે તેનું પુનરાવર્તન કરવામાં આવેલ નથી.

**૨૬.** આ કામે ફરિયાદપક્ષે આંક–૨૪ થી પંચ સાહેદ રમેશભાઈ મોહનભાઈ કાકડીયાને તપાસવામાં આવેલા છે. તેઓના પુરાવામાં આંક–૨૫ થી બનાવવાળી જગ્યાનું પંચનામુ તથા આંક–૨૬ થી ૩૦ સુધીની પંચસ્લીપો રજુ થયેલ છે. જેમાં તેઓ માત્ર પોતાની સહીઓ ઓળખી બતાવે છે તે સીવાયની કોઈ હકિકતથી તેઓ વાકેફ હોય તેમ જણાવતા નથી. આમ, સદર પંચ સાહેદના પુરાવા થકી ગુનાવાળી જગ્યાની સ્થળસ્થીતિ રેકર્ડ ઉપર આવતી નથી કે ગુનાવાળી જગ્યાએથી સેમ્પલ લેવામાં આવેલાની હકિકત પણ પુરવાર થતી નથી.

**૨૬.૧** ફરિયાદપક્ષે આંક–૩૧ થી પંચ સાહેદ શહેજાદ મુખ્યતારભાઈ બ્લોચને તપાસવામાં આવેલા છે. તેઓના પુરાવામાં આંક–૩૨ થી આરોપીઓનું અટક તથા મુદામાલ કબજે કર્યાનું પંચનામુ તથા આંક–૩૩, ૩૪ થી પંચસ્લીપો રજુ થયેલ છે. તેઓ પંચનામામાં તથા પંચસ્લીપોમાં માત્ર પોતાની સહીઓ ઓળખી બતાવે છે તે સીવાયની કોઈ હકિકતથી તેઓ વાકેફ હોય તેમ જણાવતા નથી. આમ, સદરહુ સ્વતંત્ર પંચ સાહેદના પુરાવા થકી આરોપીઓની અટક તેમજ તેઓ પાસેથી મુદ્દામાલની રીકવરી પુરવાર થતી નથી.

**૨૬.૨** ફરીયાદપક્ષે આંક–૫૩ થી પંચ સાહેદ હર્ષદભાઈ છગનભાઈ બાંભણીયાને તથા આંક–૬૪ થી પંચ સાહેદ સંદીપભાઈ મનસુખભાઈ ગૌસ્વામીને તપાસવામાં આવેલા છે. આ બંને પંચ સાહેદોના પુરાવામાં આંક–૫૪ થી આરોપીઓના લોહીના નમુના

કબજે કર્યાનું પંચનામુ રજુ થયેલ છે. આ બંને પંચ સાહેદો પંચનામામાં માત્ર પોતાની સહીઓ ઓળખી બતાવે છે તે સીવાયની કોઇ હકિકતથી તેઓ વાકેફ હોય તેમ જણાવતા નથી. આમ, આરોપીઓના સેમ્પલ્સ મેળવવાની કાર્યવાહી સ્વતંત્ર પંચ સાહેદોની હાજરીમાં કરવામાં આવેલાની હકિકત પુરવાર થતી નથી.

**૨૬.૩** ફરીયાદપક્ષે આંક–૫૬ થી પંચ સાહેદ સંજયભાઇ કરશનભાઇ મજેઠીયાને તથા આંક–૭૯ થી પંચ સાહેદ સંજયભાઇ વિઠલભાઇ શીયાળને તપાસવામાં આવેલા છે. આ બંને પંચ સાહેદોના પુરાવામાં આંક–૫૭ થી પેનડ્રાઇવ કબજે કર્યાનું પંચનામુ તથા આંક–૫૮ થી પંચસ્લીપ રજુ થયેલ છે. તેઓ પંચનામામાં તથા પંચસ્લીપમાં માત્ર પોતાની સહીઓ ઓળખી બતાવે છે તે સીવાયની કોઇ હકિકતથી તેઓ વાકેફ હોય તેમ જણાવતા નથી. આમ, સી.સી.ટી.વી. ફુટેજ કબજે કરવાની કાર્યવાહી પણ સ્વતંત્ર પંચોની હાજરીમાં કરવામાં આવેલાની હકિકત પુરવાર થતી નથી. વધુમાં અગાઉ થયેલ ચર્ચાનુસાર સી.સી.ટી.વી. ફુટેજ પણ બનાવવાળી જગ્યાના નથી તેમજ તેમાં દેખાતા બે ઇસમો હાલના આરોપીઓ જ હોવાની હકિકત એકપણ સાહેદના પુરાવા થકી પુરવાર થતી નથી.

**૨૬.૪** ફરીયાદપક્ષે આંક–૫૯ થી પંચ સાહેદ મહંમદ અસ્લમ ઉર્ફે ગુલ્બા દાદાભાઇ આરબને તથા આંક–૬૧ થી પંચ સાહેદ નવાઝશા ગુલાબશા શામદારને તપાસવામાં આવેલા છે. આ બંને પંચ સાહેદોના પુરાવામાં આંક–૬૦ થી મરણજનારનો લોહીનો નમુનો તથા કપડા કબજે કર્યાનું પંચનામુ રજુ થયેલ છે. તેઓ પંચનામામાં માત્ર પોતાની સહીઓ ઓળખી બતાવે છે તે સીવાયની કોઇ હકિકતથી તેઓ વાકેફ હોય તેમ જણાવતા નથી. આમ, મરનારના સેમ્પલ મેળવવામાં આવેલાની કાર્યવાહી પણ સ્વતંત્ર પંચ સાહેદોની હાજરીમાં કરવામાં આવેલાની હકિકત પુરવાર થતી નથી. જો કે, એફ.એસ.એલ. રીપોર્ટ કે જે આંક–૧૧૯ થી રજૂ થયેલ છે તે વંચાણે લેવામાં આવે તો પણ આરોપીઓના કપડા કે સેમ્પલ પરથી

મરનારના લોહીનું જૂથ ધરાવતુ લોહી મળી આવેલ હોય તેમ જણાઇ આવતું નથી અને તેથી મરનાર સેમ્પલ લેવામાં આવેલાની હકિકત માની લેવામાં આવે તો પણ તેના થકી આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય તેમ નથી.

**૨૬.૫** ફરીયાદપક્ષે આંક–૬૬ થી પંચ સાહેદ નિલેષભાઇ શંકરભાઇ ત્રિવેદીને તપાસવામાં આવેલા છે. આ પંચ સાહેદના પુરાવામાં આંક–૬૭, ૬૮ થી ડીસ્કવરી પંચનામાઓ તથા આંક–૬૯ થી ૭૮ સુધીની પંચસ્લીપો રજુ થયેલ છે. તેઓ પંચનામામાં તથા પંચસ્લીપોમાં માત્ર પોતાની સહીઓ ઓળખી બતાવે છે તે સીવાયની કોઇ હકિકતથી તેઓ વાકેફ હોય તેમ જણાવતા નથી. ફરીયાદપક્ષના કેસ મુજબ મુદ્દામાલ કુહાડી ડીસ્કવરી પંચનામાની રૂએ કબજે કરવામાં આવેલ છે, પરંતુ સદરહુ સ્વતંત્ર પંચ સાહેદની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓની હાજરીમાં આવી કોઇ કાર્યવાહી થયેલ હોવાનું તેઓ જણાવતા નથી અને તેથી મુદ્દામાલ હથીયારની રીકવરી પણ સ્વતંત્ર સાહેદની હાજરીમાં થયેલાનું પુરવાર થતું નથી.

**<u>પોલીસ સાહેદોનો પુરાવો :–</u>**

**૨૭.** આ કામે ફરિયાદપક્ષે આંક–૯૭ થી પોલીસ સાહેદ અશ્વીનભાઇ વેલજીભાઇ સાંખટને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૨૦/૦૨/૨૦૨૨ ના રોજ તેઓ ઉના પો.સ્ટે. મં એડહોક પી.એસ.આઇ. તરીકે ફરજ પર હતા તે દીવસે પી.એસ.ઓ. તરફથી ૧૩૧/૨૦૨૨ થી કલાક ૧૦.૨૫ વાગ્યે લેખીત વર્ધી મળેલ કે સી.એચ.સી. ઉના ખાતે હુશેનભાઇ ઓસમાણભાઇ કાળવેતરા, ઉ.વ.૫૨, રહે.ઉનાવાળાની ડેડબોડી આવેલ છે. જે મતલબની જાણ ડો.શ્રી મીશ્રાએ ટેલીફોનથી કરેલ હોય આ બાબતે દવાખાને જઇ ઘટતુ કરશો જેથી તેઓ ઉના સરકારી દવાખાને ગયેલા. જયાં પી.એમ. રુમમા મરણજનારની ડેડબોડી પડેલ હતી. આ વખતે ત્યાં એકઝીકયુટી મેજી.શ્રી એન.એમ.ચૌહાણ

પણ હાજર હતા. જેથી બે પંચોને બોલાવી મરણ જનારનુ ઈન્કવેસ્ટ પંચનામુ ભરવાની સમજ આપી પંચમા રાખેલા. જયાં પી.એમ. રુમમા એક ચાદર ઓઢાડેલ એક માનવ લાશ પડેલ હતી જે ચાદર ખેસવી જોતા એક પુરુષ વ્યકતીની લાશ હતી. જેના માથામા ડાબી સાઈડે કાનની ઉપર આશરે બે ઇંચ જેટલો કાપો હતો અને તેની પાછળના ભાગે પણ બે ઇંચ જેટલો કાપો હતો તથા કપાળના ભાગે તથા માથાના ઉપરના વચ્ચેના ભાગે કાપો હતો અને માથામા તેમજ મોઢાના નાકના ભાગે લોહીલુહાણ હાલતમા હતી અને જમણા પડખાના ભાગે લીસોટાના ડાઘા હતા તથા ડાબા પગમા ગોઠણના ભાગે છોલાણ હતુ અને નળાના ભાગેથી ઘા મારવાથી ભાંગી ગયેલ હાલતમા અને લોહીલુહાણ હાલતમા હતુ. કપડા લોહીથી ખરડાયેલ હતા. પંચો દ્વારા લાશને હેરવી ફેરવી જોતા તથા ગુપ્ત ભાગે તપાસ કરતા કોઈ દેખીતી ઈજાના નીશાન જોવા મળેલ નહી. આ વખતે ત્યાં હાજર સાકીરભાઈ હુશેનભાઈ કાળવેતરા રહે.ઉનાવાળાએ આ લાશ પોતાના પિતા હુશેન ઓસમાણ કાળવેતરાની હોવાનુ જણાવેલ. મરણજનારનુ મોત તેને માથાના ભાગે ગંભીર ઈજાઓ થવાથી થયેલાનુ લાગેલુ તેમ છતા ચોકકસ કારણ જાણવા લાશને પી.એમ. અર્થે તેમના હવાલે લીધેલી. તેમને આંક–૨૩ નું પંચનામુ બતાવતા જે તેઓએ તૈયાર કરેલ, જેમા તેમના રુબરુ બન્ને પંચોની તથા એકઝી મેજી.ચૌહાણ સાહેબની તેમજ તેમની સહી ઓળખી બતાવે છે. તેમને ડી.ઓ. બતાવતા જે તેમને મળેલો અને તેમા પી.એસ.ઓ. ઉનાની સહી ઓળખી બતાવે છે. જે આંક–૯૮ થી રજુ છે. તેઓએ મરણજનારનુ પેનલ ડોકટરથી પી.એમ. થવા સારુ મેડીકલ ઓફીસરને યાદી આપેલી અને તેની સાથે મરણોતર ફોર્મ ભરીને આપેલુ. તેમને આંક–૪૨ ની યાદી બતાવતા તેમા તેમની સહી ઓળખી બતાવે છે. તેમને આંક–૪૩ નુ મરણોતર ફોર્મ બતાવતા જે તેમણે લાશ ઉપર ભરેલુ, જેમા તેમની સહી ઓળખી બતાવે છે. ત્યારબાદ આ કામના ફરીયાદીએ ઉના પો.સ્ટે. મા આવી પોતાની ફરીયાદ હકીકત જાહેર કરેલ કે તેમના મરણજનાર પિતાને રામનગર

ખારા વિસ્તારમા રહેતી સોનલબેન ભુપતભાઇ કોળી સાથે છેલ્લા બે વર્ષથી પ્રેમસંબંધ હોય અને આ સોનલબેન તથા તેના ઘરવાળાએ તેમના પિતાને માથાના ભાગે તથા પગના ભાગે માર મારી મોત નીપજાવેલ હોવાનુ જાહેર કરતા તેમના લખાવ્યાા મુજબની વીગતવાર ફરીયાદ કોમ્પ્યુટરમા ટાઇપ કરી તેની પ્રીન્ટ કાઢી તેઓને વાંચી સંભળાવતા બરાબર અને ખરી હોવા બદલ તેમના રુબરુ ફરીયાદ હેઠળ સહી કરી આપેલ. તેમને આંક–૪૦ ની ફરીયાદ બતાવતા તેમા તેમના રુબરુ ફરીયાદીની તેમજ તેમની સહી ઓળખી બતાવે છે. તેઓએ આ ફરીયાદ ઉના પો.સ્ટે. ગુ.ર.નં. ૨૧૬/૨૦૨૨ થી આઇ.પી.સી. કલમ ૩૦૨, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબ રજીસ્ટર કરી આ ગુનાની એફ.આઇ.આર. નામદાર કોર્ટ તરફ મોકલી આપેલ અને આ ગુનાની તપાસ ઇ.ચા. પો.ઇ. એન.એમ. આહીરને ડેપ્યુટ કરેલ. તેમને તપાસ ડેપ્યુટનો હુકમ બતાવતા તેમા તેમની સહી ઓળખી બતાવે છે. જે આંક–૯૯ થી રજુ છે. તેમને કોર્ટના રેકર્ડ માંથી તેમણે દાખલ કરેલ અસલ એફ.આઇ.આર. બતાવતા તેમા પી.એસ.ઓ. તરીકે તેમની સહી ઓળખી બતાવે છે. જે આંક–૧૦૦ થી રજુ છે. તેમને ગુનો દાખલ કરવા લખેલો પત્ર બતાવતા તેની હેઠળ તેમણે તપાસ ડેપ્યુટ કર્યાનો હુકમ છે જેમા તેમની સહી ઓળખી બતાવે છે. જે આંક–૧૦૧ થી રજુ છે. તેઓએ ગુનાના કામે સ્પેશ્યલ રીપોર્ટ કરેલો. જેમા તેમની સહી ઓળખી બતાવે છે. જે આંક–૧૦૨ થી રજુ છે. ત્યારબાદ આ કામના ત.ક.અમલદારે તેઓને આ કામે સીસીટીવી ફુટેજ મેળવી જરુરી નીવેદન લેવા માટે જણાવેલ. જેથી તેઓએ આ કામના સાહેદ મનીષભાઇ જયસુખભાઇ લુણગારીયાને આ હકીકતથી વાકેફ કરેલ. તેઓએ કીશનભાઇ ઉર્ફે અજયભાઇ દીનેશભાઇ પરમારના ઘરના સીસીટીવી ફુટેજનુ તા.૨૦/૧/૨૦૨૨ ના વહેલી સવારના ૪ થી ૬ વાગ્યા સુધીના સીસીટીવી ફુટેજસી પેનડ્રાઇવ બનાવી રજુ કરેલી. જેમા બે ફાઇલ ઓપન થયેલ હતી અને તેમાં કોઇ પુરુષ હાથમા કુહાડી જેવુ હથીયાર લઇને સાહેદ કીશનભાઇના ઘરના ડેલાની પાસે

જતો દેખાય છે અને તેની પાછળ લાલ કલરની જીમી તથા લાલ કલરની ઘાટડી પહેરેલ સ્ત્રી જતી દેખાય છે જે સીસીટીવી ફુટેજની પેનડ્રાઇવ તેમની પાસેથી મેળવેલ અને તે અંગેનુ પ્રમાણપત્ર મેળવેલ અને તેમજ લાગતા વળગતા સાહેદોના નીવેદનો મેળવી થયેલ તપાસના કાગળો અને પેનડ્રાઇવ ત.ક.અમલદારને સોપી આપેલ. તેમને આંક–૫૦ નુ પ્રમાણપત્ર બતાવતા જે તેમણે મેળવેલુ તેમજ તેમણે આ પેનડ્રાઇવ પંચનામાની વિગતે બે પંચોની હાજરીમા મેળવેલી. તેમને આંક–૫૭ નુ પંચનામુ તથા આંક–૫૮ ની પંચસ્લીપ બતાવતા તેમા તેમના રુબરુ બન્ને પંચોની તેમજ તેમની સહી ઓળખી બતાવે છે.

**૨૭.૧** સદર સાહેદની બચાવપક્ષે આરોપીઓ તરફે ઉલટતપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તે બનાવ સમયે એડહોક પી.એસ.આઇ. તરીકે ફરજ બજાવતા હતા. ઉના ટાઉન તેમના અન્ડરમા આવતુ હતુ. તેઓ પી.એસ.ઓ. એ સુચના આપતા સરકારી દવાખાને ગયેલા. આ કામમા ફરીયાદ તેમના રુબરુમા લેવાયેલ છે. તેઓ સરકારી દવાખાને ગયેલ ત્યારે લાશ પી.એમ. રુમમા પડેલ હતી. આ વખતે ફરીયાદી ત્યાં હાજર હતા. ફરીયાદી ગમે તે જગ્યાએ ફરીયાદ આપે તો લેવી જોઇએ. ફરીયાદીએ આ કામે ફરીયાદ આપેલી તે સરકારી દવાખાને આપેલ ન હતી. પેનડ્રાઇવ પો.સ્ટે. માં રજુ કરવામા આવેલી અને સાહેદ મનીષભાઇનુ નીવેદન તેમણે પો.સ્ટે. માં લીધુ હતુ. કીશનભાઇ ઉર્ફે અજયભાઇ દીનેશભાઇ પરમારનુ જે સીસીટીવી ફુટેજ હતુ તેનુ નીવેદન પણ તેમણે પો.સ્ટે. મા લીધુ હતુ. તેમણે કીશનભાઇના ઘરેથી કોઇ ચીજવસ્તુ કબજે કરેલ નથી કે કોઇ પંચનામુ કરેલ નથી. જયારે અન્ય પ્રશ્નોના નકારમાં જવાબ આપેલ છે.

**૨૭.૨** સદર સાહેદની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓ સૌપ્રથમ સરકારી દવાખાને ગયેલા છે. તેઓએ ઇન્કવેસ્ટ ભરવાની કાર્યવાહી કરેલ છે, પી.એમ. કરવા સારૂ યાદી કરેલ છે, મરણોત્તર ફોર્મ ભરેલ

છે તેમજ ઇન્કવેસ્ટ પંચનામું પોતાની રૂબરૂ કરેલ છે. આ કોર્ટે ઇન્કવેસ્ટ પંચનામું માની મરનારનું મૃત્યુ સાપરાધ મનુષ્યવધ હોવાનું માનેલ છે. વધુમાં તેઓએ પોતાની રૂબરૂ ફરીયાદ નોંધેલ છે, પરંતુ અગાઉ થયેલ ચર્ચાનુસાર ફરીયાદી પોતાની ફરીયાદને લેશમાત્ર સમર્થન આપતા નથી અને તેથી ફરીયાદ લેનાર પોલીસ અધિકારીના પુરાવાના આધારે ફરીયાદના કથનો પુરવાર થયેલાનું માનવું હિતાવહ હોય તેમ જણાઇ આવતું નથી. તેઓએ ગુનો રજીસ્ટર કરાવેલ છે, સ્પેશ્યલ ગુનાનો રીપોર્ટ કરેલ છે તેમજ સી.સી.ટી.વી. ફુટેજ કબજે કરવાની કાર્યવાહી કરેલ છે. સી.સી.ટી.વી. ફુટેજ બનાવવાળી જગ્યાના નહિં હોવાની અગાઉ ચર્ચા કરેલ હોઇ, અત્રે તેનું પુનરાવર્તન કરવાનું ટાળેલ છે. આમ, જયારે ફરીયાદી તથા મરનારના તમામ સગા વહાલાઓ ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપતા ન હોય તેમજ બનાવને નજરે જોનાર એકપણ સાહેદ ન હોય તેમજ આરોપીઓને ગુના સાથે સાંકળતી એકપણ કળી મળતી ન હોય ત્યારે માત્ર પોલીસ સાહેદના પુરાવાના આધારે આરોપીઓને ગુના સાથે સાંકળવા યોગ્ય અને ન્યાયી જણાતું નથી.

૨૮. આ કામે ફરિયાદપક્ષે આંક-૧૦૫ થી પોલીસ સાહેદ કરશનભાઇ ભીમાભાઇ સોલંકીને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૨૧/૦૨/૨૦૨૨ ના રોજ તેઓ ઉના પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ. ચાર્જમાં હતા તે દીવસે આ કામના આરોપીઓ ભુપતભાઇ ઉર્ફે ભુટો કાનાભાઇ વાજા તથા સોનલબેન ઉર્ફે સોનુ ભુપતભાઇ વાજા રહે.બન્ને રામનગર ખારા વિસ્તાર, ઉનાવાળાની મેડીકલ તપાસ દરમ્યાન ડોકટરશ્રીએ લીધેલ નમુનાઓ ઉના પો.સ્ટે. ના પો.કો. ભીખુશા બચુશા જુણેજા ઉના સરકારી દવાખાનેથી લાવી રજુ કરતા બે પંચોને બોલાવી આ નમુનાઓ કબજે લેવાનુ પંચનામુ કરવાની સમજ આપી પંચમા રાખેલા. પંચો રુબરુ આ ભીખુશાએ દવાખાનાની પટી મારેલ બે સીલબંધ શીશીઓ રજુ કરેલી. જેના પર એક શીશી પર ભુપતભાઇ

કાનાભાઈ લખેલ હતુ અને બ્લડ સેમ્પલ લખેલ હતુ અને બીજી બોટલ ઉપર બ્લડ સેમ્પલ તથા સોનલબેન ભુપતભાઈ નામ લખેલ હતુ જે પંચનામાની વિગતે અને વર્ણને પંચો રુબરુ કબજે લઈ વિગતવારનુ પંચનામુ કરી આ નમુના કબજે લીધેલા અને અસલ પંચનામુ તથા મુદામાલ મુદામાલ પાવતી સાથે ત.ક.અમલદારને સોંપી આપેલ. તેમને આંક–૫૪ નુ પંચનામુ બતાવતા તેમા તેમના રુબરુ બન્ને પંચોની તેમજ તેમની સહી ઓળખી બતાવે છે. ત્યારબાદ તા.૨૬/૦૨/૨૦૨૨ ના રોજ તેઓ પી.એસ.ઓ. ચાર્જમા હતા ત્યારે પો.કો. અશ્વીનભાઈ જીવનભાઈ સોસા આ કામના મરણ જનારની લાશ ઉપરથી ડો.શ્રી એ લીધેલ કપડા તથા બ્લડ સેમ્પલના નમુના ઉના સરકારી દવાખાનેથી લાવી રજુ કરતા બે પંચોને બોલાવી આ નમુનાઓ કબજે લેવાનુ પંચનામુ કરવાની સમજ આપી પંચમા રાખેલા. પંચો રુબરુ પો.કો. અશ્વીનભાઈએ એક બ્લડ સેમ્પલની શીશી જેના પર એક સફેદ પટી મારેલ હતી જેના પર અંગ્રેજીમા પી.એમ. બ્લડ હુશેન ઓસમાણ કાળવેતરા, સેકસ: મેઈલ વિ. લખેલ હતુ તેમજ એક સીલબંધ બોકસ રજુ કરેલુ જેના પર સફેદ પટી ઉપર અંગ્રેજીમા બેગી ઓફ કલોથીસ નેમ: હુશેન ઓસમાણ કાળવેતરા, એજ: ૫૨ ચર, સેકસ મેઈલ વિ. લખેલ હતુ તે પંચનામાની વિગતે અને વર્ણને પંચો રુબરુ કબજે લઈ વિગતવારનુ પંચનામુ કરી આ નમુના કબજે લીધેલા અને અસલ પંચનામુ તથા મુદામાલ મુદામાલ પાવતી સાથે ત.ક.અમલદારને સોંપી આપેલ. તેમને આંક–૬૦ નુ પંચનામુ બતાવતા તેમા તેમના રુબરુ બન્ને પંચોની તેમજ તેમની સહી ઓળખી બતાવે છે.

**૨૮.૧** સદર સાહેદની બચાવપક્ષે આરોપીઓ તરફે ઉલટતપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પો.સ્ટે. મા જયારે પી.એસ.ઓ. તરીકે ફરજ બજાવવાની હોય ત્યારે તમામ પો.સ્ટે. ની જવાબદારી હોય છે. ફરીયાદ લેવાની તથા ફરીયાદ દાખલ કરવાની જવાબદારી પી.એસ.ઓ. ની હોય છે. તેવી જ રીતે ફરીયાદ દાખલ થયા બાદ

તપાસ કોને સોપવી તે પણ પી.એસ.ઓ. ની કામગીરીમાં આવે છે. પી.એસ.ઓ. ની કામગીરી પો.સ્ટે. ના પી.આઇ. સાથે ચર્ચા વિચારણા કરીને કરવાની હોય છે. આ બે પંચનામા કરવાનો લેખીત હુકમ તેમને પી.આઇ. સાહેબ ધ્વારા આપવામા આવેલો. જયારે અન્ય પ્રશ્નોના નકારમાં જવાબ આપેલ છે.

**૨૮.૨** સદર સાહેદે તપાસ સંદર્ભે માત્ર આરોપીઓના તથા મરનારના સેમ્પલ લેવાની કાર્યવાહી કરેલ છે અને તે મુજબની હકિકતો તેઓ પોતાની જુબાનીમાં જણાવે છે, પરંતુ અગાઉ એફ.એસ.એલ. રીપોર્ટ સંદર્ભેની ચર્ચા કરવામાં આવેલ હોઇ, અત્રે તેનું પુનરાવર્તન કરેલ નથી. વધુમાં જયારે આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય તેવી એકપણ કડી મળતી ન હોય ત્યારે માત્ર પોલીસ સાહેદ પોતાની કાર્યવાહી પોતાની જુબાનીમાં વર્ણવે તેટલા કારણ માત્રથી આરોપીઓને ગુના સાથે સાંકળવા યોગ્ય અને ન્યાયી જણાતું નથી.

**૨૯.** આ કામે ફરિયાદપક્ષે આંક–૧૧૦ થી તપાસ અધિકારી નટવરભાઇ માનાભાઇ આહીરને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૨૦/૦૨/૨૦૨૨ ના રોજ તેઓ ઉના પો.સ્ટે. મા ઇ.ચા. પી.આઇ. તરીકે ફરજ પર હતા તે દીવસે ઉના પો.સ્ટે.ગુ.ર.નં.૨૧૬/૨૦૨૨ થી આઇ.પી.સી. કલમ ૩૦૨, ૧૧૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબનો ગુનો રજીસ્ટર થયેલ અને આ ગુનાની તપાસ પી.એસ.ઓ. ઉનાએ તેઓને ડેપ્યુટ કરતા તેઓએ સંભાળી લીધેલ. આ કામે થયેલ ફરીયાદ તથા તે સાથેના સાધનીક કાગળોનો અભ્યાસ કરેલો. આ કામે બનાવવાળી જગ્યાનુ પંચનામુ કરવાનુ હોય જેથી બે પંચોને તેની સમજ આપી પંચમા રાખેલા. પંચો રુબરુ શાકીરભાઇ હુશેનભાઇ કાળવેતરા રહે.ઉપલા રહીમનગર ઉના વાળા કે જે આ કામના ફરીયાદી હતા તેઓએ બનાવવાળી જગ્યા બતાવેલી જે જગ્યા ઉના મુકામે રામનગર ખારા વિસ્તારમા આરીફભાઇ ભંગારવાળાના ડેલા સામે આર.સી.સી. રોડ સામે આવેલ હતી. જયાં રોડથી ઉતરે ડાબી બાજુ ઝાડી ઝાંખરા તથા

પથ્થરો પાસે રતાશ પડતુ ધાબુ હતુ જેમા કોટન થ્રેડ ઘસી કબજે લીધેલ તેમજ કંટ્રોલ સેમ્પલ કબજે લીધેલ અને આ જગ્યાએથી આશેર ૧૫૦ ફુટ દુર ખુલ્લી જગ્યા રસ્તા પાસે એક રતાશ પડતુ ધાબુ જેમા વનસ્પતીજન્ય માટી હતી જે પંચનામાની વિગતે કબજે લીધેલ અને કંટ્રોલ સેમ્પલ કબજે લીધેલ અને તેની બાજુમા કોફી કલરના બે રેગ્ઝીનના ચપલ કબજે લીધેલ અને આ જગ્યાએ ટી.વી.એસ. કંપનીની મોપેડ પડેલ હતી જેના નં જીજે–૧૧–એજી–૬૧૩૨ હતા. જે પંચનામાની વિગતે અને વર્ણને કબજે લઇ બનાવવાળી જગ્યાનુ સ્થળ સ્થીતીનુ વિગતવાર પંચનામુ પંચો રુબરુ કરેલુ. તેમને આંક–૨૫ નુ પંચનામુ બતાવતા તેમા તેમના રુબરુ બન્ને પંચોની તેમજ તેમની સહી ઓળખી બતાવે છે. તેમને આંક–૨૬ થી ૩૦ ની પંચસ્લીપો બતાવતા જે આ પંચનામા દરમ્યાન મુદામાલ કબજે લીધાની પંચસ્લીપો છે જેમા પણ તેમના રુબરુ બન્ને પંચોની તેમજ તેમની સહી ઓળખી બતાવે છે. બનાવ સ્થળે એફ.એસ.એલ. અધીકારી કામળીયા સાહેબ હાજર હતા. તેઓએ બનાવ સ્થળે સ્થળ પરીક્ષણ અહેવાલ તૈયાર કરેલ અને બનાવ સંબંધે સુચના અને માર્ગદર્શન પુરુ પાડેલ અને તે અંગેનો અહેવાલ તેઓને સુપરત કરેલ. તેમને સ્થળપરીક્ષણનો અહેવાલ બતાવતા તેમા એફ.એસ.એલ. અધીકારીશ્રી કામળીયા સાહેબની સહી તેમજ અહેવાલ મળ્યા બદલ તેમની સહી ઓળખી બતાવે છે. જે આંક–૧૧૧ થી રજુ છે. તેમને આંક–૯૯ નો તપાસ ડેપ્યુટનો હુકમ બતાવતા જે તેમને મળેલો તે જ છે. તેઓએ આ કામે લાગતા વળગતા સાહેદોના નીવેદનો નોંધેલા. તેમને આંક–૨૩ નુ ઈન્કવેસ્ટ પંચનામુ બતાવતા તે તેમને તપાસના કામે મળેલુ. ચાલુ તપાસ દરમ્યાન પી.આઇ. શ્રી એમ.યુ.મસ્સી ફરજ પર હાજર થતા થયેલ તપાસના કાગળો તેઓશ્રીને સોંપી આપેલા.

**૨૯.૧** સદર સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરતા સરતપાસમાં જણાવેલ પોતાની કામગીરીને સમર્થન આપેલ છે તેમજ બચાવપક્ષને મદદરૂપ થાય તેવી કોઇ હકીકતો જણાવતા નથી.

**૨૯.૨** સદર તપાસ કરનાર અમલદારે અંશત: તપાસ કરેલ છે. તેઓએ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ છે, પરંતુ આ તબકકે પંચ સાહેદોની જુબાનીઓ ધ્યાને લેવામાં આવે તો આ કાર્યવાહી સ્વતંત્ર સાહેદોની હાજરીમાં કરવામાં આવેલાનું પુરવાર થયેલ નથી. વધુમાં તેઓએ એફ.એસ.એલ. અધિકારીને સ્થળ ઉપર બોલાવી પરીક્ષણ કરાવેલ છે, જેનો અહેવાલ આંક–૧૧૧ થી રજૂ થયેલ છે, જે દલીલ ખાતર માની લેવામાં આવે તો પણ તેનાથી આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય તેમ નથી. આમ, સદર સાહેદની જુબાનીના આધારે આરોપીઓને તકશીરવાન ઠરાવવા યોગ્ય અને ન્યાયી જણાતું નથી.

**૩૦.** આ કામે ફરિયાદપક્ષે આંક–૧૧૩ થી તપાસ અધિકારી મુસ્તાકઅલી ઉસ્માનભાઇ મસીને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, તા.૨૦/૦૨/૨૦૨૨ ના રોજ તેઓ ઉના પો.સ્ટે. માં પી.આઇ. તરીકે ફરજ પર હતા તે દીવસે તેઓ રજા ઉપર હોય અને ચાર્જ પો.ઇ. એન.એમ.આહીર પાસે હોય તે દરમ્યાન તા.૨૦/૦૨/૨૦૨૨ ના રોજ ફરીયાદીશ્રી સાકીરભાઇ હુશેનભાઇ કાળવેતરાએ ફરીયાદ આપેલ કે તેમના પિતાને આ કામના આરોપી ભુપતભાઇ તથા તેમની પત્ની સોનલબેને મૃત્યુ નીપજાવેલ હોય તેઓની ફરીયાદ પી.એસ.આઇ. એ.વી.સાંખટ નાઓની રુબરુની હોય જે ગુ.ર.નં. ૬૧૬/૨૦૨૨ થી આઇ.પી.સી. કલમ ૩૦૨, ૧૧૪ વિગેરે મુજબ રજીસ્ટર કરી આગળની તપાસ પી.આઇ.શ્રી એન.એમ. આહીરનાઓએ સંભાળેલી. આ કામે ડી.ઓ. નં.૧૩૧/૨૦૨૨ ના કામે પી.એસ.આઇ.શ્રી સાંખટનાઓએ મરણ જનાર હુશેનભાઇ કાળવેતરા નાઓની લાશ ઉપર ઇન્કવેસ્ટ ભરી પી.એમ. કરાવવાની કાર્યવાહી કરેલ હતી. પી.આઇ.શ્રી આહીરે બનાવસ્થળનુ પંચનામુ કરી બનાવવાળી જગ્યાએથી રતાશ પડતા ધાબા પરથી સેમ્પલ લીધેલ હતા. બનાવ સ્થળની આજુબાજુ રહેતા સાહેદોના નીવેદનો લીધેલ હતા. તેઓ તા.૨૧/૦૨/૨૦૨૨ ના રોજ હાજર થતા સદરહુ ગુનાની તપાસ તેઓએ સંભાળી લીધેલ. આ કામે અન્ય સાહેદોના

નીવેદનો લેવામા આવેલ. આ કામે મરણજનારની પી.એમ. નોટ વંચાણે લઇ તપાસના કામે સામેલ રાખેલ. આરોપીઓ મળી આવતા બે પંચો રુબરુ તેઓની શરીર સ્થીતીનુ પંચનામુ કરી બન્ને આરોપીઓ પાસેથી મોબાઇલ કબજે કરવામા આવેલ. તેમને આંક–૩૨ નુ પંચનામુ બતાવતા તેમા તેમના રુબરુ બન્ને પંચોની તેમજ તેમની સહી ઓળખી બતાવે છે. બન્ને આરોપીઓને અટક કરી તેઓના નીવેદનો મેળવવામા આવેલ. આ કામે આરોપી ભુપતભાઇ કાનાભાઇ વાજાનાઓ પાસેથી પંચો રુબરુ ડીસ્કવરી પંચનામાની વિગતે બનાવમા વાપરેલ હથીયાર કુહાડી તેમજ બનાવ વખતે પહેરેલ કપડા કબજે કરવામા આવેલ. જે હથીયાર કુહાડી પોતાના રહેણાંક મકાને જે જગ્યાએ રાખેલ ત્યાથી પંચો રુબરુ કાઢી બતાવેલ અને કપડા પણ જૈન દેરાસરના ડેલાના દરવાજાની પાછળથી ખુણા માથી સંતાડેલ તે કાઢી આપેલ. જે કપડામા રતાશ પડતા ડાઘ નીશાન હતા. જે પંચો રુબરુ પંચનામાની વિગતે કાઢી આપતા કપડા તથા બુટ જે બુટમા પણ રતાશ પડતા ડાઘ નીશાન હતા. જે પંચનામાની વિગતે અને વર્ણને કબજે લીધેલ. તેમને આંક–૬૭ નુ પંચનામુ બતાવતા તેમાં તેમના રુબરુ બન્ને પંચોની તેમજ તેમની સહી ઓળખી બતાવે છે. તેમને આંક–૬૯ થી ૭૪ ની પંચસ્લીપો બતાવતા જે આ પંચનામા દરમ્યાન મુદામાલ કબજે લઇ સીલ કર્યા અંગેની પંચસ્લીપો છે. આ કામના આરોપી સોનલબેન ગુના સંબંધે કાંઇક કહી બતાવવા માંગતા હોય જેથી બે પંચોને તેની સમજ આપી પંચમા રાખેલા. પંચો રુબરુ આરોપી સોનલબેનને પુછતા તે ગુના સંબંધે કાંઇક કહી બતાવવા સંબંધેનુ જણાવેલુ. જેથી પંચો તથા પોલીસની અરસપરસ ઝડતી તપાસ કરાવેલી અને પોલીસ વાહનની ઝડતી તપાસ કરાવતા કાંઇ વાંધાજનક ચીજવસ્તુ મળી આવેલ નહી જે અંગેનુ પ્રાથમીક પંચનામુ કરી તેમા પંચોની સહીઓ મેળવેલી. બાદમા સોનલબેનને સરકારી વાહનમા બેસાડી પંચો તથા પો.સ્ટાફ સાથે બેસાડી તેણીના જણાવ્યા મુજબ વાહન ચલાવવાની ડ્રાઇવરને સુચના આપેલી. આરોપી સોનલબેને બતાવેલ રસ્તે જતા એક

રહેણાંક મકાન પાસે સરકારી વાહન રોકાવેલ અને આ જગ્યાએ ઉતર બારનુ ઓશરી ઉતાર ત્રણ બાર વાળુ મકાન આવેલ હતુ જેમા ત્રણ પૈકી વચ્ચેના રુમ માથી ઓશરીના ખુણા માથી લાલ તથા પીળા કલરની ઓંઢણી, બ્લુ કલરનુ બ્લાઉઝ તથા લાલ કલરની જીમી તથા લાલ કલરની સાલ બનાવ વખતે પહેરેલ હોવાનુ કહી રજુ કરતા પંચો રુબરુ પંચનામાની વિગતે અને વર્ણને કબજે લીધેલ. તેમને આંક–૩૮ નુ પંચનામુ બતાવતા જેના પ્રાથમીક ભાગના પંચનામામા તેમજ પંચનામુ પુરુ થયે છેલ્લે તેમના રુબરુ બન્ને પંચોની તેમજ તેમની સહી ઓળખી બતાવે છે. તેમને આંક–૭૫ થી ૭૮ ની પંચસ્લીપો બતાવતા આ પંચનામા દરમ્યાન મુદામાલ કબજે લઈ સીલ કર્યા અંગેની પંચસ્લીપો છે. જેમા પણ તેમના રુબરુ બન્ને પંચોની તેમજ તેમની સહી ઓળખી બતાવે છે. આ કામે અન્ય આરોપીઓના બ્લડ સેમ્પલ લેવડાવેલ જે પી.એસ.ઓ. એ પંચનામાની વિગતે કબજે લઈ તેઓને સોપતા સંભાળી લીધેલ. બનાવવાળી જગ્યાનો નકશો બનાવવા માટે સર્કલ ઓફીસરશ્રીને યાદી કરેલી. મોબાઈલની સી.ડી.આર. મંગાવેલ. પી.એસ.આઈ.શ્રી સાંખટે બનાવવાળી જગ્યા પહેલા સીસીટીવી ફુટેજ મેળવેલ હોય તેની પેનડ્રાઈવ રજુ કરતા કબજે કરેલ. તેઓએ તે ઉપરાંત સાહેદોના નીવેદનો લીધેલ તે આ કામમા સામેલ રાખેલ. સીસીટીવી ફુટેજમા પ્રથમ આરોપી ભુપતભાઈ નાઓ બનાવવાળી જગ્યા બાજુ જતા હોય તેમ જણાય છે. થોડા ટાઈમ બાદ તેઓ પરત આવે છે અને તેના થોડા સમય બાદ આરોપી ભુપતભાઈ તથા તેના પત્ની સોનલબેન બનાવવાળી જગ્યા બાજુ જતા દેખાય છે. તેઓએ જે કપડા તેઓએ કબજે કરેલ હતા તે જ કપડા પહેરેલ હોવાનુ દેખાય છે. આ કામે કબજે કરેલ મુદામાલ જેમા બ્લડ સેમ્પલ તથા કપડા જુનાગઢ એફ.એસ.એલ. ખાતે તેમજ પેનડ્રાઈવ, આરોપીઓના કપડાના ફોટા તેમજ આરોપીઓના ફોટા એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે રવાનગી નોંધ સાથે તપાસણી અર્થે મોકલેલ. તેમને ઓફલાઈન રવાનગી નોંધ તથા ઓનલાઈન રવાનગી નોંધ બતાવતા જે મુદામાલ કપડા તથા બ્લડ સેમ્પલ તથા બનાવ

સ્થળના નમુના મોકલેલ તે અંગેની છે. જેમાં તેમની સહી ઓળખી બતાવે છે. જે સંયુકત આંક–૧૧૪ થી રજુ છે. તેમને ઓફલાઇન રવાનગી નોંધ તથા ઓનલાઇન રવાનગી નોંધ બતાવતા જે સાહેદ કીશનભાઇ ઉર્ફે અજયભાઇ દીનેશભાઇ પરમાર રહે.ઉનાવાળાના રહેણાંક મકાને ફીટ કરેલ સીસીટીવી કુટેજની પેનડ્રાઇવ અંગેની છે જેમા તેમની સહી ઓળખી બતાવે છે. જે સંયુકત આંક–૧૧૫ થી રજુ છે. તેમને રવાનગી નોંધ બતાવતા જે સાહેદ કીશનભાઇએ પેનડ્રાઇવ તથા આરોપીઓએ બનાવ વખતે પહેરેલ કપડાના ફોટોગ્રાફ તથા આરોપીઓને અટક કરતી વખતે લીધેલ ફોટોગ્રાફ છે. જેમા તેમની સહી ઓળખી બતાવે છે. જે સંયુકત આંક–૧૧૬ થી રજુ છે. એફ.એસ.એલ. ને મુદામાલ મળ્યા અંગેની પહોંચો અનુક્રમે આંક–૧૧૭, ૧૧૮ થી રજુ છે. એફ.એસ.એલ. નો ફોરવર્ડીંગ લેટર તથા એફ.એસ.એલ.નો મુદામાલ અંગેનો અસલ બાયોલોજી તથા સીરોલોજી પરીક્ષણ અહેવાલ તથા પૃથ્થકરણ પરીણામ પત્રક સંયુકત આંક–૧૧૯ થી રજુ છે. એફ.એસ.એલ. નો મુદામાલ ડી.વી.ડી. અંગેનો એફ.એસ.એલ. નો અભિપ્રાય આંક–૧૨૦ થી રજુ છે. આ કામે આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ કરી શકાય તેટલા પુરતા પુરાવા હોય તેઓએ આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ રજુ કરેલુ. તેઓ આરોપીઓને ઓળખે છે. વધુમાં તેઓએ ફરી ગયેલા સાહેદોની જુબાનીઓમાંના કોન્ટ્રાડીકશન પોતાની જુબાનીમાં પુરવાર કરે છે.

**૩૦.૧** સદર સાહેદની બચાવપક્ષે ઉલટતપાસ કરતા એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેમને મળેલ ફરીયાદનો તેમણે અભ્યાસ કરેલો. ફરીયાદમાના આક્ષેપો મુજબ પ્રેમ પ્રકરણની હકીકતો ખુલેલી. ફરીયાદ ભુપત કાના અને સોનલબેન ભુપત એમ નામજોગ થયેલી છે. આરોપીઓના નામ સાથે તેઓની અટક લખવામા આવેલ નથી. આ કામે આરોપીઓની ઓળખ પરેડ કરવામા આવેલ નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે આરોપીઓના ફોટા અને કપડાને સીસીટીવી કુટેજ સાથે સરખામણી કરવા માટે એફ.એસ.એલ. મા મોકલાવી

આપવામા આવેલ. આરોપીઓને તા.૨૧/૦૨/૨૦૨૨ ના રોજ અટક કરવામા આવેલા. બનાવવાળી જગ્યા પાસે રેલ્વે ટ્રેક આવેલો છે. એ વાત તેમને હાલ ધ્યાનમા નથી કે રેલ્વે ટ્રેક નાના બ્રીજ પર આવેલ છે કે કેમ. એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, સામાન્ય રીતે તેઓ તપાસમા જાય ત્યારે તેમની સાથે તેમના રાઇટર હોય છે. ડીસ્કવરી પંચનામુ કરવામા આવેલ ત્યારે આરોપીઓ તેમની કસ્ટડીમા હતા. સામાન્ય રીતે મહીલા આરોપીને અટક કરવામાં આવે ત્યારે મહીલા પોલીસ કર્મચારી તેમજ મહીલા પોલીસની હાજરીમા કરવામા આવે છે. જે સાહેદોના નીવેદનો લેવામા આવેલ છે તે મરણ જનારના સગા સંબંધીઓ છે. આ કામે કોઇ સ્વતંત્ર સાહેદોના નીવેદનો તેમણે જાતે લીધેલ નથી. બનાવવાળી જગ્યાએથી કોઇ હથીયાર કબજે કરવામા આવેલ નથી. જયારે અન્ય પ્રશ્નોના નકારમાં જવાબ આપેલ છે.

**૩૦.૨** સદર સાહેદની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓએ આ ગુનાની મોટાભાગની તપાસ કરેલ છે અને તેઓએ તપાસમાં કરેલ કાર્યવાહીને પોતાની જુબાનીમાં સ્પષ્ટપણે વર્ણવેલ છે. તેઓએ પંચનામાઓ કરેલ છે, આરોપીઓને અટક કરેલ છે, મુદ્દામાલ કબજે કરેલ છે, સાહેદોના નિવેદનો લીધેલ છે અને અંતમાં આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતા તેઓએ ચાર્જશીટ ફાઇલ કરેલ છે. તેઓએ આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી પણ બતાવેલ છે. આમ, તેઓએ તપાસમાં કરેલ કાર્યવાહીને સંપુર્ણપણે સમર્થનકારી હકિકતો પોતાની જુબાનીમાં જણાવેલ છે. પરંતુ અગાઉ થયેલ ચર્ચાનુસાર આ કામના ફરીયાદી તથા મરનારના તમામ સગાસંબંધીઓ ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન આપતા નથી. ફરીયાદીને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે. મરનારના પુત્રો તથા પત્ની, ભાઇઓ, ભત્રીજાઓ, વિગેરે પોતાના પોલીસ રૂબરૂના કથનને લેશમાત્ર સમર્થન આપતા નથી. તેઓ આરોપીઓને કોર્ટ રૂબરૂ ઓળખી પણ બતાવતા નથી તેમજ મરનારનું મૃત્યુ કઇ રીતે થયું અથવા તો

આક્ષેપિત ખૂન કોણે કર્યુ તે હકિકત તેઓ પોતાના મૌખિક પુરાવામાં જણાવતા નથી. આમ, તપાસવામાં આવેલ એકપણ સાહેદ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતા નથી અને તેથી માત્ર તપાસ કરનાર અમલદારના પુરાવાના આધારે આરોપીઓને તકશીરવાન ઠરાવવા યોગ્ય અને ન્યાયી જણાતું નથી.

૩૧. આ કામે બનાવને નજરે જોનાર કોઈ સાહેદ નથી. આક્ષેપિત બનાવ વહેલી સવારના અંધારામાં બનવા પામેલ છે. નિર્વીવાદપણે તે સમયે કોઇએ બનાવ જોયેલ નથી. ફરીયાદી તથા તેઓના કુટુંબના સભ્યોએ ફોનથી અથવા તો વાતોવાતથી બનાવની હકિકત મેળવેલ છે અને બાદમાં ફરીયાદી સિવાયના તમામ લોકો સીધ્ધા જ હોસ્પીટલે પહોંચેલા છે. આરોપીઓને આક્ષેપિત ગુનો આચરતા એકપણ સાહેદે જોયેલ નથી અને તેથી હાલનો કેસ સાંયોગીક પુરાવા પર આધારીત છે અને પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ સાંયોગીક પુરાવાના કિસ્સામાં બનાવની એકેએક કડી એકબીજા સાથે એવી રીતે મળવી જોઇએ કે જેથી આરોપીઓ સિવાય અન્ય કોઇ વ્યકિત સામે શંકાની સોય કરી શકાય નહિં અને એવા નિ:શંક નિરાકરણ ઉપર આવી શકાય કે આક્ષેપિત ગુનો માત્ર અને માત્ર આરોપીઓએ જ આચરેલ છે. હાથ પરના કેસમાં તપાસ કરનાર અમલદારે સી.સી.ટી.વી. ફુટેજ મેળવેલ છે, પરંતુ તે ફુટેજ બનાવવાળી જગ્યાના નથી, પરંતુ તે તરફ જતા રસ્તાના છે. જો કે, સી.સી.ટી.વી. ફુટેજ આપનાર, ડી.વી.આર. માંથી મેળવનાર તથા પંચ સાહેદો ફરી ગયેલા જાહેર થયેલા છે, તેમ છતાં દલીલ ખાતર સી.સી.ટી.વી. ફુટેજ કબજે થયાનું માની લેવામાં આવે તો પણ ફુટેજમાં દેખાતા વ્યકિતઓ આરોપીઓ જ છે કે કેમ? તે હકિકત રેકર્ડ ઉપર આવતી નથી. વધુમાં ફુટેજમાં દેખાતા વ્યકિતઓ આક્ષેપિત ગુનો આચરવા માટે જ જઇ રહેલા છે કે કેમ? તે હકિકત પણ રેકર્ડ ઉપર આવતી નથી. આમ, સંજોગોની એકપણ કડી એકબીજા સાથે મળતી નથી કે જેના પરથી આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય. આમ, ઉપરોકત ચર્ચા ધ્યાને લેતા મરનારનું મૃત્યુ

સાપરાધ મનુષ્યવધ હોવાનું પુરવાર થાય છે અને તેથી **મુદ્દા નં. (૧)**નો જવાબ **હકારમાં** આપુ છું, પરંતુ આક્ષેપિત ખૂનનો ગુનો આરોપીઓએ આચરેલ હોય કે તેઓએ હથીયારબંધીનું જાહેરનામું અસ્તીત્વમાં હોવા છતાં હથીયાર ધારણ કરેલ હોય અને બાદમાં એકબીજાની મદદગારીથી મરનાર તથા તેઓના વાહનને ખસેડી અન્ય જગ્યાએ લઈ ગયા હોય તેવી કોઈ જ હકિકત નિ:શંકપણે પુરવાર થતી નથી અને તેથી **મુદ્દા નં. (૨)**નો જવાબ **નકારમાં** આપી **મુદ્દા નં. (૩)** પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

## **-:: આખરી હુકમ ::-**

**(૧)** આ કામના આરોપીઓ (૧) ભુપતભાઈ ઉર્ફે ભુટટો કાનાભાઈ વાજા, ઉ.વ. ૫૨, ધંધો: મજુરી તથા (૨) સોનલબેન ઉર્ફે સોનુ વાઈફ ઓફ ભુપતભાઈ ઉર્ફે ભુટટો વાજા, ઉ.વ. ૪૭, ધંધો: મજુરી, રહે. બન્ને રામનગર, ખારા વિસ્તાર, ઉના, જી. ગીર સોમનાથ વાળાઓને ઉના પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૮૬૦૦૮૨૨૦૨૧૬/૨૦૨૨ ના કામે ભારતીય દંડ સંહિતાની કલમ-૩૦૨ સાથે વાંચતા કલમ-૧૧૪ તથા ગુજરાત પોલીસ એકટની કલમ-૧૩૫ મુજબના ગુન્હાના કામે ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૨૩૫(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ-૪૩૭(એ) મુજબ અપીલ અદાલત સમક્ષ હાજર રહેવા માટે દરેક આરોપીએ રૂા.૧૫,૦૦૦/- (અંકે રૂપીયા પંદર હજાર પુરા) ના જાત મુચરકા તથા સધ્ધર જામીન રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** અપીલ સમય બાદ આ કામમાં રજુ થયેલ બિનકિંમતી મુદ્દામાલનો આથી નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ મોબાઇલ અંગે જો વચગાળાના તબકકે હુકમ થયેલ હોય તો તે આથી કાયમ રાખવામાં આવે છે, અન્યથા અપીલ સમય બાદ તેની માલિકી અંગેની ખરાઇ કરી પરત સોંપવાનો આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ–**૨૧મી, માહે–ઓગષ્ટ, સને–૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:– ઉના
તારીખ:– ૨૧–૦૮–૨૦૨૬

(સુનિલ મહેન્દ્રભાઇ ગોવાણી),
૩જા એડીશ્નલ સેશન્સ જજ,
ઉના, જી. ગીર સોમનાથ.
કોડ નં. જીજે૦૦૯૧૮